Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : ૩૪ ● અંક : ૧૩૨
તા.૧૭-૦૬-૨૦૧૮, રવિવાર
સંવત ૨૦૭૪ જેઠ સુદ - ૦૪
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

સૂર્યોદય : ૦૫:૫૫ સૂર્યાસ્ત : ૦૭:૨૭

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૮.૫ | વડોદરા | ૩૭.૯ |
| અમદાવાદ | ૪૦.૫ | સુરત | ૩૩.૨ |
| ગાંધીનગર | ૩૮.૪ | નલિયા | ૩૪.૬ |

ચાંદી : ૪૧,૦૦૦ સોનું : ૩૨,૪૦૦

# ડિજિટલ ઈન્ડિયા અભિયાનથી વચેટિયા પરેશાન : મોદી

## વિચાર વૈભવ...

આપણે રોજિંદી ખરીદી, શાકભાજી લીધાં પછી આખા દિવસના ખર્ચને રાત્રે તાળો મેળવીએ છીએ. બેન્કની પાસબુક- આવક અને સંસ્થાના ચાર્ટર્ડ- એકાઉન્ટ થાય છે. આમાં જો ભૂલ આવે, હિસાબ ન મળે તો કેવો ઉચાટ થાય છે? ને હિસાબ મળી જાય તો કેવો આનંદ થાય છે? આપણી જિંદગીના જે 'દિવસો' ખર્ચાળ છે તેનો કોઈ દિ' હિસાબ મેળવ્યો છે?!

સંત એકનાથ શરૂઆતમાં એક વેપારી સ્વામી જનાર્દનને ત્યાં હિસાબ લખવાનું રોજમેળનું મુનીમનું કામ કરતા હતા.

એકવાર રાત્રે હિસાબ લખવા બેઠા. સ્વામી જનાર્દન બાજુમાં જ સૂતા હતા. દરરોજ એકાદ કલાકમાં જ હિસાબ લખાઈ જતો અને આવક-જાવકનું મેળવણું થઈ જતું પણ આજે 'બે પૈસા' ની ભૂલ આવ્યા જ કરતી હતી. ફરી સરવાળા કર્યા, બિલ- વાઉચર જોયાં, આવકનાં અને જાવકનાં ફરી સરવાળા-બાદબાકી કર્યાં પણ 'બે પૈસા' ની ભૂલ નીકળતી જ નો'તી. રાતના ત્રણ વાગી ગયા. આખરે ભૂલ મળી. એકનાથે આનંદથી 'ચીસ' પાડી. બાજુમાં સૂતેલા જનાર્દન જાગી ગયા. પૂછ્યું શું થયું?

એકનાથે આખી રાતની વ્યથા- કથા કહી, અંતે ભૂલ મળી જતાં 'આનંદ'ની ચીખ થઈ ગઈ.

જનાર્દન સ્વામીએ કહ્યું, બે પૈસાની ભૂલ માટે તે જે ઉજાગરો કર્યો તેવી તલ્લીનતાથી ઈશ્વરની ભકિત કરી જીવનનો હિસાબ મેળવી તારૂં જીવન કૃતાર્થ કેમ નથી કરતો?!

સંત એકનાથે ભકિતને જીવનનો રોજમેળ બન્યો.

સુરેશ પ્રા.ભટ્ટ

## સાર સમાચાર...

### ભાજપની ચિંતન શિબિરને લઈ તમામ તૈયારી શરૂ થઈ

અમદાવાદ

લોકસભા ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે ભાજપે પણ આક્રમક તૈયારીઓ શરૂ કરી દીધી છે. ગુજરાતની તમામ ૨૬ સીટો કઈ રીતે જીતી શકાય તે સંદર્ભમાં રૂપરેખા અને તૈયારીઓ ભાજપે શરૂ કરી દીધી છે. આને લઈને ભાજપની ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે જે ૨૪ અને ૨૫ જૂનના દિવસે યોજાશે. આમાં ભાજપ પ્રમુખ અમિત શાહ અને પ્રદેશ પ્રભારી ભુપેન્દ્ર યાદવ જરૂરી માર્ગદર્શન આપશે. મળેલી માહિતી મુજબ નવી વ્યૂહરચના પણ આમાં ઘડી કાઢવામાં આવશે. અમિત શાહ લોકસભાની ચૂંટણીને લઈને રણનીતિ ઉપર ચર્ચા વિચારણા કરશે. સંપર્ક સે સમર્થન કે બાદ અમિત શાહ ફરીથી પોતાના હોમ ગ્રાઉન્ડમાં તૈયારી શરૂ કરી ચુકયા છે. ૨૪ અને ૨૫મી જૂનના દિવસે ભાજપની ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ ચિંતન શિબિર અમદાવાદના એસજીવીપી ગ્રાઉન્ડમાં યોજાશે. અમિત શાહ અને ભુપેન્દ્ર યાદવના નેતૃત્વમાં આ બેઠક યોજાનાર છે. જેમાં તમામ હોદ્દેદારો ઉપસ્થિત રહેશે. મંત્રીમંડળથી લઈને પ્રદેશ સંગઠનના હોદ્દેદારો તથા કોર કમિટી ટીના સભ્યો ઉપસ્થિ રહેશે.

**વડાપ્રધાન મોદીએ ડિજિટલ ઈન્ડિયા અંગે નમો એપથી દેશભરના લાભાર્થીઓને સંબોધિત કર્યા : છેલ્લાં ૪ વર્ષમાં ડિજિટલ સશક્તિકરણના દરેક પાસા પર વિશેષ ધ્યાન અપાયું હોવાનો વડાપ્રધાનનો દાવો**

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે ડિજિટલ ઈન્ડિયા અંગે નમો એપની મદદથી દેશભરના લાભાર્થીઓને સંબોધિત કર્યા હતા. આ દરમિયાન તેઓએ કહ્યું કે ડિજિટલ ઈન્ડિયાનો પહેલેથી જ સંકલ્પ રહ્યો છે કે દેશના સામાન્ય વ્યક્તિ, યુવાનો, ગ્રામીણોને ડિજિટલ સાથે જોડવા, તેઓને ડિજિટલ સશક્ત કરવા. મોદીએ કહ્યું કે છેલ્લાં ૪ વર્ષમાં અમે ડિજિટલ સશક્તિકરણના દરેક પાસા પર વિશેષ ધ્યાન આપ્યું છે. તેના માટે લગભગ ત્રણ લાખ કોમન સર્વિસ સેન્ટર પણ ખોલવામા આવ્યાં છે.

પીએમ મોદીએ કહ્યું કે, આજે સ્કૂલમાં ભણતા બાળકો માત્ર સ્કૂલમાં ભણાવાતા પુસ્તક પૂરતાં જ સીમિત નથી રહ્યા, પરંતુ ડિજિટલ ઈન્ડિયાની મદદથી ઈન્ટરનેટના માધ્યમથી કોઈપણ પુસ્તકોને વાંચી શકે છે. પહેલાં આ વાતની કલ્પના હતી કે રેલવે ટિકિટ લાઈનમાં ઊભા રહ્યાં વિના બુક થઈ શકે છે કે પછી રસોઈ ગેસ કલાકો લાઈનમાં ઊભા રહ્યાં વિના મળી શકે છે. પરંતુ હવે ડિજિટલ ઈન્ડિયાના માધ્યમથી આ શક્ય બન્યું છે.

આ દરમિયાન સામે પહેલી વખત નોટબંધી અંગે વડાપ્રધાન સાથે વાતચીત થઈ જેમાં એક લાભાર્થીએ પીએમ મોદી સાથે વાતચીત કરતાં નોટબંધીના સમયના અનુભવો વર્ણવ્યા હતા અને કહ્યું કે ડિજિટલ પેમેન્ટના કારણે નોટબંધીથી તેને કોઈ પરેશાની થઈ ન હતી. તેમજ ભીમ એપથી તેને ઘણી સુવિધા મળી.

મોદીએ કહ્યું કે, અમે સુનિશ્ચિત કર્યું કે પ્રોદ્યોગિકના ફાયદા કેટલાંક લોકો પૂરતું જ સીમિતન રહે પરંતુ સમાજના તમામ વર્ગો સુધી તેનો ફાયદો પહોંચે. તે માટે અમે કોમન સર્વિસ સેન્ટર (CSC)ના નેટવર્કને મજબૂત કર્યું. વડાપ્રધાન મોદીએ મહિલા ઉદ્યમીને ડિજિટલ સાક્ષર કરવાના પ્રયાસની ઘણી પ્રશંસા કરી હતી અને અભિનંદન આપ્યાં હતા.

આ કાર્યક્રમમાં હરિયાણાની એક ઝજ્જરમાં કામ કરતી મહિલાએ જણાવતા કહ્યું કે, આજે તે ઝજ્જરના કારણે ગૌરવપૂર્ણ જીવન જીવી રહી છે અને આજ કારણસર ડિજિટલ ઈન્ડિયા પર બોલવા માટે અનેક જગ્યાએ આમંત્રણ આપવામાં આવે છે. તેઓએ કહ્યું કે તેને ત્યાં સરકારની અનેક પ્રકારની સેવાઓનો ડિજિટલ ફોર્મ છે. તેમના જણાવ્યા મુજબ તેઓએ અહીંથી અનેક લોકોને ડિજિટલી સાક્ષર બનાવ્યાં છે.

**ઈદના દિવસે પણ પાકિસ્તાનની નાપાક હરકતો જારી**

## જમ્મુ-કાશ્મીરમાં ઈદની નમાજ બાદ સુરક્ષા દળો પર પથ્થરમારો

શ્રીનગર

ઈદના દિવસે પણ પાકિસ્તાને પોતાની હરકતો આજે જારી રાખી હતી. અંકુશરેખાની નજીક જમ્મુ-કાશ્મીરના નવસેરા સેકટરમાં પાકિસ્તાને ફરીવાર યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાનના આ ગોળીબારમાં ભારતીય સેનાના જવાન વિકાસ ગુરુંદ શહીદ થયા હતા. બીજી બાજુ પાટનગર શ્રીનગરમાં પણ ઈદના દિવસે અશાંતિનો માહોલ રહ્યો હતો. ઈદની નમાજ બાદ સુરક્ષા દળો ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. દક્ષિણ કાશ્મીરના અનંતનાગમાં પણ નમાજ ાદ સુરક્ષા દળો ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. પથ્થરબાજોએ આ ગાળા દરમિયાન આઈએસ અને પાકિસ્તાનના ધ્વજ લહેરાવ્યા હતા. તોફાની ટોળાને કાબુમાં લેવા માટે સુરક્ષા દળોને ટીયરગેસના શેલ છોડવાની ફરજ પડી હતી. એમ માનવામાં આવે છે કે બે દિવસ પહેલા જામી મસ્જિદના વિસ્તારમાં આ પ્રકારની ઘટના જોવા મળી હતી. અધિકારીઓ માની રહ્યા છે કે છેલ્લા ચાર સપ્તાહના ગાળામાં પથ્થરબાજોની ઘટનાઓમાં ઘટાડો થયો છે પરંતુ છેલ્લા કેટલાક દિવસોમાં પથ્થરબાજો દ્વારા સુરક્ષા દળો ઉપર હુમલાની ઘટનાઓ વધી છે. નવસેરા સેકટરમાં ભારતીય જવાન શહીદ થયા હતા. બીજી બાજુ અરણીયા સેકટરમાં શનિવારે વહેલી પરોઢે ચાર વાગે ઈદના પ્રસંગે પાકિસ્તાન તરફથી નાપાક હરકત કરવામાં અનુસંધાન પાના નં.૬

## બનાસકાંઠા સહિત રાજ્યભરમાં ઇદેમિલાદની ઉત્સાહભેર ઉજવણી



અમદાવાદ

શુક્રવારે ચાંદ દેખાતા ચાંદ કમીટી દ્વારા શનિવારે ઈદની સત્તાવાર જાહેરાત કરાઈ હતી, જેને પગલે આજે મુસ્લિમ બિરાદરો દ્વારા રમઝાન ઈદની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શહેરની ૮૦થી વધુ મસ્જિદોમાં આજે મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદ-ઉલ-ફિત્ર નિમિતે ઈદની ખાસ નમાઝ પઢવામાં આવી હતી. ઈદની નમાઝ પઢયા બાદ મુસ્લિમ બિરાદરોએ એકબીજાને ભેટીને ઈદમુબારક કહી તહેવારની શુભેચ્છા પાઠવી હતી. મસ્જિદોમાં ઈદના તહેવારને લઈ સમાજમાં શાંતિ, સદ્‌ભાવ અને પરસ્પર ભાઈચારાની ભાવના વધુ મજબૂત બને અને સૌના જીવનમાં સુખ, સમૃધ્ધિ અને શાંતિની વૃધ્ધિ થાય તેવી પ્રાર્થના પણ કરવામાં આવી હતી. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિતના મહાનુભાવોએ પણ રાજયના મુસ્લિમ સમાજને ઈદ-ઉલ-ફિત્રની શુભકામનાઓ પાઠવી હતી. રમઝાન મહિનો પૂરો થયા બાદ ઈદની ઉજવણી કરવામાં આવતી હોય છે. ગઈકાલે ચાંદ દેખાયા બાદ શનિવારે ઈદની ઉજવણી અંગેની જાહેરાત કરાઈ હતી. જેના અનુસંધાનમાં મુસ્લિમ બિરાદરોમાં ગઈકાલ રાતથી જ ભારે ઉત્સાહનો માહોલ જોવા મળતો હતો.

**સૌરાષ્ટ્રમાં વરસાદી માહોલ જામ્યો**

## કેશોદ, જુનાગઢ, અમરેલી અને ભાવનગરમાં વરસાદ : ગરમીમાં રાહત

### ગુજરાતના વાતાવરણમાં પલટો : રાજકોટ, ગાંધીનગર સહિત આઠ તાલુકામાં ઝાપટાં

અમદાવાદ

દક્ષિણ ગુજરાત અને આસપાસના વિસ્તારોમાં અપર એયર સાઈક્લોનિક સર્ક્યુલેશનની સ્થિતિ સર્જાઈ ગયા બાદ આજે તેની અસર જોવા મળી હતી. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. જે વિસ્તારમાં આજે વરસાદના ઝાપટા પડ્યા હતા તેમાં કેશોદ, જુનાગઢ, અમરેલી, રાજુલા, ગોંડલ પંથક, ભાવનગરનો સમાવેશ થાય છે. વરસાદના લીધે ઠંડકનો માહોલ પણ છવાયો હતો. રાજકોટમાં આજે સવારથી વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. રાજકોટમાં અમીછાંટણા થયા હોવાના અહેવાલ મળ્યા છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે વરસાદમાં હજુ કેટલાક દિવસનો સમય લાગી શકે છે. સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં બફારાએ લોકોને હેરાન કરી નાખ્યા છે. આજે કેશોદ, જુનાગઢ સહિતના વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડતા રાહત થઈ હતી. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે આગામી પાંચ દિવસ દરમ્યાન હળવા વરસાદી ઝાપટા પડી શકે છે. જોકે મોનસૂન બેસવાને લઈને હજુ સુધી તંત્ર તરફથી કોઈ વાત કરવામાં આવી નથી. સામાન્ય રીતે ચોમાસુ ૧૫મી જૂન સુધી ગુજરાતમાં બેસી જાય છે પરંતુ આ વખતે તેમાં વિલંબ થયો છે. આગામી પાંચ દિવસ સુધી અમદાવાદમાં વરસાદ નહીં પડે તેવી શક્યતા છે. આજે અમદાવાદમાં તીવ્ર પવન ફુંકાયો હતો. ધુળની ડમરીઓ પણ ઉડી હતી. મુંબઈમાં અને મહારાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં મોનસૂનની એન્ટ્રી થઈ છે પરંતુ મોનસુન મુંબઈથી આગળ વધી અનુસંધાન પાના નં.૬

**ત્રિપુરામાં ૪૦ હજારથી વધુ લોકો રાહત કેમ્પમાં**

## ત્રિપુરા સહિતના પૂર્વોત્તરના રાજ્યોમાં પુરની સ્થિતિ સુધરી

ગુવાહાટી

પૂર્વોત્તરના રાજ્યોમાં ભારે વરસાદ બાદ પુરની સ્થિતિ હજુ પણ જટિલ બનેલી છે. બચાવ અને રાહત કામગીરી અસરગ્રસ્ત વિસ્તારોમાં ચાલી રહી છે. ત્રિપુરા, મિઝોરમ અને આસામમાં સ્થિતિમાં આંશિક સુધારો થયો હોવા છતાં હજુ ઘણા પગલાં લેવાની જરૂર છે. ત્રિપુરામાં પુરની સ્થિતિમાં આંશિક રીતે સુધારો થયો છે પરંતુ હજુ પણ ૧૮૯ રાહત કેમ્પોમાં ૪૦ હજાર લોકોને આશરો આપવામાં આવ્યો છે. મુખ્યમંત્રી બિપ્લવ કુમાર દેવે ગઈકાલે ઉનાકોટી જિલ્લાના સબ ડિવિઝનમાં સૌથી વધુ પુરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. સાથે સાથે સમીક્ષા બેઠક પણ યોજી હતી. જેમાં પીડબલ્યુડી, જળસંસાધન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, અન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા. મુશ્કેલીમાં મુકાયેલા લોકો સુધી રાહત સામગ્રી વહેલીતકે પહોંચાડવા માટે અધિકારીઓને મુખ્યમંત્રીએ આદેશ આપ્યો હતો. આઈએએફના બે હેલિકોપ્ટરની સેવા રાહત કામગીર માટે પહેલાથી જ લેવામાં આવી ચુકી છે. પુરગ્રસ્ત કૈલાશહાર સબડિવિઝનમાં ૨૧ હજાર લોકો ઘરવિહોણા થયેલા છે. બીજી બાજુ આસામમાં પણ સ્થિતિ આવી જ થયેલી છે. વરસાદ હજુ જારી હોવાથી બચાવ અને રાહત કામગીરી આડે અડચણો આવી રહી છે. ત્રિપુરામાં આના કારણે ચાર લોકોના મોત થયા છે અને અનેક લોકોને માઠી અસર થઈ છે. મોટાભાગની અનુસંધાન પાના નં.૬

## મોદીને રોકવા કોંગ્રેસ ૨૫૦ કરતાં ઓછી સીટ પર લડશે

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપને સત્તાથી દુર રાખવાના હેતુથી કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીના નેતૃત્વમાં પાર્ટી ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ૨૫૦ સીટ ઉપર ચૂંટણી લડી શકે છે. સૂત્રોના કહેવા મુજબ કોંગ્રેસ પાર્ટી ૨૫૦ સીટ ઉપર ચૂંટણી લડી શકે છે. સ્વતંત્રતા બાદ આ સૌથી ઓછી સંખ્યા પર ચૂંટણી લડવાની પાર્ટીની યોજના છે. જો સૂત્રો ઉપર વિશ્વાસ કરવનામાં આવે તો બિનભાજપ પક્ષોને વધારે બેઠકો આપવાના હેતુસર કોંગ્રેસ પાર્ટી આ રણનીતિ ઉપર આગળ વધી શકે છે. ભાજપને સત્તાથી રોકવા માટે જે રીતે તાજેતરના વર્ષોમાં કેટલાક રાજ્યોમાં મહાગઠબંધનની અનુસંધાન પાના નં.૬

## મુસ્લિમોને ઇદની શુભેચ્છા પાઠવતા રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને ગૃહમંત્રી

નવીદિલ્હી

સમગ્ર દેશમાં ઈદની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. વડાપ્રદાન નરેન્દ્ર મોદીએ ઈદ પ્રસંગે ટ્વીટ કરી દેશવાસીઓને ઈદની શુભેચ્છા પાઠવી હતી અને લખ્યુ હતું કે પવિત્ર મહીનો રમજાન બાદ મનાવવામાં આવનાર ઈદ સમાજમાં ભાઈચારા અને સદ્‌ભાવનું પ્રતિક છે. જયારે રાષ્ટ્રપતિ કોવિંદે ઈદના શુભ પ્રસંગે આશા વ્યકત કરી કે આ ઈદ તમામના જીવનમાં સમૃધ્ધિ લાવે અને એકતા અને ભાઈચારાના આપણા વિશ્વાસને સુદ્રઢ કરશે જે ભારતની સમગ્ર સાંસ્કૃતિક વિરાસત રહી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે ઈદ પ્રસંગે દેશવાસીઓને શુભકામના પાઠવી હતી.

## મલાણામાં મકાન પરથી નીચે પટકાયેલા યુવકની છાતીમાં સળીયો ઘુસી જતાં મોત

**મૃતદેહને પીએમ માટે પાલનપુર સિવિલ ખસેડાયો**

પાલનપુર

પાલનપુર તાલુકાના મલાણા ગામમાં રહેતો એક યુવક શુક્રવારે રાત્રે મકાન ઉપરથી નીચે પટકાતા છાતીના ભાગે ખીલાસરી ઘુસી જતા યુવકનું મોત નિપજ્યુ હતુ. જેના મૃતદેહને પીએમ માટે પાલનપુર સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે તાલુકા પોલીસ મથકે અકસ્માતે મોતનો ગુનો નોધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પાલનપુર તાલુકાના મલાણા ગામે રહેતા ૨૩ વર્ષીય હસમુખભાઈ પ્રભૂજી ઓડ શુક્રવારે રાત્રીના સમયે કોઈ અગમ્ય કારણોસર મકાન ઉપરથી નીચે પટકાયો હતો. જેથી નીચે પડેલ ખીલાસરી છાતીના ભાગે ઘુસી જતા હસમુખભાઈને ગંભીર ઈજાઓ થઈ હતી.

જેને સારવાર માટે પાલનપુર લઈ જતા હતા.તે સમયે હસમુખભાઈનું મોત નિપજ્યુ હતુ. જેમના મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ અંગેની પ્રભૂજી હરીજી ઓડએ તાલુકા પોલીસને જાણ કરતા પી.એસ.આઈ એ.વાય.પટેલ સ્ટાફ સાથે દોડી આવી અકસ્માતે મોતનો ગુનોં નોધી વધુ તપાસ હાથ ધરી છે.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ. રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

## થરાદના ગણેશપુરાના યુવકનું જીપમાં છ શખ્સો દ્વારા અપહરણ કરાતાં ચકચાર

(પ્રતિ.) થરાદ

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે થરાદ તાલુકાના ગણેશપુરાનો ઈશ્વરભાઈ ગંગારામભાઈ પટેલ ઉ.વ. ૩૭ નામનો યુવક ૧૪ મી જુનના સાંજના સાડા છ વાગ્યાના સુમારે પોતાના GJ 24 F 1559 નંબરના મોટરસાયકલ પર ખેતરેથી ઘર તરફ આવતો હતો. દરમિયાન ગણેશપુરા ગામ નજીક ક્રિકેટના મેદાન પાસે ગામના પરખાભાઈ દાનાભાઈ પટેલ તથા અજેસીભાઈ પરખાભાઈ પટેલ તથા જીવરાજભાઈ મેઘરાજભાઈ પટેલ અને બીજા ત્રણ અજાણ્યા માણસો અજેસીભાઈની સ્કોર્પિયો જીપમાંથી ઉતર્યા હતા અને અજેસીભાઈ એ કહેલ કે તુ કેમ અમારા ઘરે પોલીસને રેડ કરવા મોકલેલ છે તેમ કહી બધાએ મળીને તેને પકડી બળજબરીપૂર્વક સ્કોર્પિયો જીપ નાખી ફેંટ તથા ગડદાપાટુનો માર માર્યો હતો.

ત્યારબાદ ત્યાંથી અપહરણ કરી જીપમાં ઘણી જગ્યાએ ફેરવી સાડા બાર વાગ્યાના સુમારે થરાદમાં રેફરલ હોસ્પીટલની સામે ઉતારીને જતા રહ્યા હતા. જોકે જતાં જતાં પણ જો કોઈને અપહરણની વાત કે પોલીસ ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહ્યા હતા. આ બનાવની બીજા દિવસે સવારે યુવકે થરાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે છ શખ્સો સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવથી સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચવા પામી હતી

### શ્રધ્ધાંજલિ



સ્વ.તારાજી ગોકળજી પટેલ (સીલોણા)
સ્વ.તા.૧૫-૬-૨૦૧૮
ઉપપ્રમુખ, સંતશ્રી રાજારામ ગુરૂકુળ ટ્રસ્ટ, પાલનપુર
મુ.ગોલવી, તા.દિયોદર, જી.બ.કાં.,

સમાજના અગ્રણી ભામાશાની સમાજને ખોટ પડી છે, જે પુરી શકાય તેમ નથી. પ્રભુને ગમ્યું તે ખરૂં ભગવાન તેમના આત્માને શાંતિ આપે તેવી દિલથી પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિ...જય રાજેશ્વર

લિ.
સંતશ્રી રાજારામ ગુરૂકુળ ટ્રસ્ટ, પાલનપુર
તથા
સંતશ્રી રાજારામ ગુરૂકુળ હાઈસ્કૂલ પાલનપુર



# માધવ વિશ્વ વિદ્યાલયમાં નિયમિત ચાલતો યોગાભ્યાસ

આબુરોડ

ભૂજેલા હાઈ- વે સ્થિત માધવ વિશ્વ વિદ્યાલયમાં ૧ લી જુનથી ચાલી રહેલા યોગ અભ્યાસમાં જણાવવામાં આવેલ કે એક કલાકના યોગાભ્યાસથી ૨૩ કલાકની ઉર્જા મળે છે, શહેરીજનો પોતાના શરીરની તંદુરસ્તી માટે વોકીંગ, જોગિંગ, સાયકલિંગ, સ્વીમીંગ, એરોબિક્સ અને જીમ વગેરે કરે છે. પરંતુ યોગ આસનથી જે લાભ મળે છે તે આ બધાથી પ્રાપ્ત થતો નથી.

યોગ વિશેષજ્ઞ ડૉ.પૂર્વા જૈનના જણાવ્યા મુજબ તમામ પ્રકારની બિમારીઓ જેવી કે મધુમેહ, પેટનું દર્દ, ગેસની તકલીફ, અસ્થમા વગેરે બિમારીઓથી છુટકારો મળે છે. તા. ૧૯/૬/૧૮ ના રોજ નાગરિકો અને વિશ્વ વિદ્યાલયના સ્ટાફ માટે યોગ વિષય પર સેમિનાર યોજાશે.

# વર્લ્ડ બ્લડડોનેશન ડેના દિવસે ૨૪મી વખત રક્તદાન કરી બ્લડ ડોનેશન ડેની ઉજવણી

પાલનપુર

સદભાવના ગ્રુપના ચેરમેન અને બનાસકાંઠા જીલ્લા ભાજપ યુવા મોર્ચાના અધ્યક્ષ હરેશભાઈ ચૌધરી રચનાત્મક રાજનીતિ સાથે નિતનવી પ્રવૃતિઓ કરી યુવાનોને સદકાર્યો કરવા માટે પ્રેરતા હોય છે.૧૪ જુન વર્લ્ડ બ્લડડોનેશન ડે ના દિવસે જીલ્લા કલેક્ટર સંદીપ સાંગલેની પ્રેરક ઉપસ્થિતમાં મડાણા એસ.આર. પી કેમ્પ મુકામે સવિલ હોસ્પીટલના દર્દીઓના લાભાર્થે યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં ૨૪ મી વખત રક્તદાન કરી યુવાનોને રક્તદાન કરવા માટે પ્રેર્યા હતા.

વર્લ્ડબ્લડ ડોનેશનડે ના દિવસે ૨૪ મી વખત રક્તદાન કરવાની સાથે આગામી જયારે ત્રણ માસ બાદ ૨૫મી વખત રક્તદાન કરવાનું થાય ત્યારે હરેશભાઈ ચૌધરીએ આજે પ્રણ લીધો હતો કે, આગામી ૨૫મી વખત રક્તદાન કરવાના સમયે આ કેમ્પ ૨૫૦ રક્તદાતાઓ સાથે સિવિલ હોસ્પિટલમાં કેમ્પ યોજવો અને આ તમામ ૨૫૦ બોટલ જે એકત્રિત થાય એ સગર્ભા મહિલાઓના ડીલેવરી પ્રસંગે ઉપયોગમાં લેવી. આમ, રચનાત્મક રાજનીતિ થકી હરેશ ચૌધરી સતત યુવાઓ માટે પથદર્શક બની રહ્યા છે.

# ધાનેરામાં રમજાન ઈદની ઉજવણી


એન.કે.મોદી

પ્રતિનિધિ ધાનેરા

ધાનેરામાં આજે મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદ એ મિલાદની નમાજ અદા કરવામાં આવી હતી.

ઈસ્લામ ધર્મમાં પયગંબર હજરત મોહમ્મદ સાહેબને અલ્લાહના સંદેશવાહક માનવામાં આવે છે અને તેથી પવિત્ર રમઝાન માસના ત્રીસમાં દિવસ એટલે કે ગઈ કાલે ચાંદ દેખાયા બાદ આજે સમગ્ર દેશમાં ઈદ એ મિલાદના તહેવારની ઉજવણી ઈદની નમાજ અદા કરી કરવામાં આવી રહી છે જેમાં આજે ધાનેરામાં આવેલી શુન્ની અસગરી મસ્જિદ તેમજ ઈદગાહ મસ્જિદમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદની નમાજ અદા કરવામાં આવી હતી જેમાં મૌલાના ગુલામનબી , મૌલાના આરીફ સાહબ , મૌલાના નૂર આલમ દ્વારા ઉપસ્થિત બિરાદરોને નમાજ અદા કરાવવામાં આવી હતી જેમાં હાજી યુસુફ નઈમભાઈ , નઝીરભાઈ શેખ સહિત મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો દ્વારા નમાજ અદા કરવામાં આવી હતી અને એકબીજાને ગળે મળી ઈદની શુભકામના પાઠવવામાં આવી હતી.

# ભારતવિકાસ પરિષદ દ્વારા થરાદમાં રાહતદરે ચોપડાઓનું વિતરણ કરાયું


વિષ્ણુ દવે

### થરાદ શહેરની શાળાઓના ગરીબ વિધાર્થીઓને મફતમાં ચોપડા આપવામાં આવશે

પ્રતિનિધિ થરાદ

સેવાકીય પ્રવૃતીનાં કામ કરતી થરાદ ભારત વિકાસ પરિષદના પ્રમુખ અજયભાઇ ઓઝા અને તેમની ટીમ દ્વારા વિધાર્થીઓને રાહતદરે ચોપડાઓ મળી રહે તે માટે પરિષદના સદસ્યો અને દાતાઓના સહયોગથી ૧૫ હજાર ચોપડાઓ છપાવ્યા હતા.જેનો લાભ બહોળી સંખ્યામાં નગરજનો અને જરૂરીયાતમંદ વિધાર્થીઓ લઇ શકે તે માટે પરિષદ દ્વારા શહેરના મુખ્ય બજાર આગળ મુખ્ય દાતા ડૉ આશિષ પટેલના હસ્તે સ્ટોલ ખુલ્લો મુકવામાં આવ્યો હતો.અને પરિષદના સદસ્યો દ્વારા શનિવારે બપોરે વિતરણ કામગીરી કરવામાં આવી હતી.

જેમાં ડૉ વૈભવ રાવલ,વિપીનદાન ગઢવી, પુર્વ પ્રમુખ સંજયભાઇ ત્રિવેદી, પરબતભાઇ પટેલ,જીતુભાઇ મહેશ્વરી, ચંપકલાલ ત્રિવેદી, નંદુભાઇ મહેશ્વરી, જયદીપ સોની વિગેરે ઉપસ્થિત રહી જાતે જ વિતરણ કર્યું હતું.પરિષદ દ્વારા સારી કવોલીટીમાં તૈયાર કરવામાં આવેલા ૧૪૪ પેજના ફુલસ્કેપ ચોપડા ૨૬ રૂપીયાની બજારકિંમત સામે માત્ર ૧૨ રૂપીયામાં આપતાં ખરીદવા માટે ભારે ઘસારો રહ્યો હતો. માત્ર ચાર કલાકમાં જ તમામ ચોપડાઓ ખપી ગયા હતા.આથી પ્રમુખ અજય ઓઝાએ આગામી વર્ષે વધુ ચોપડાઓ છપાવીને વિતરણ કરવાનો નિર્ધાર કર્યો હોવાનું જણાવતાં શહેરના અત્યંત ગરીબ પરિવારોના બાળકોને શાળામાંથી શિક્ષકોના કહેવા પ્રમાણે વિનામુલ્યે ચોપડા આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# જૂની ભીલડી અને સોયલામાં પીંપળ વન ઊભુ કરાશે

### પર્યાવરણ પ્રેમીનો વૃક્ષોના જતનનો અનોખો પ્રયાસ

પ્રતિનિધિ ભીલડી

વધતા જતા પ્રદૂષણના કારણે સમગ્ર વિશ્વનો 'ગ્લોબલ વોર્મિંગે' ભરડો લીધો છે. જેથી ઋતુચક્ર ખોરવાઈ જતા માનવ સહિતના જીવો માઠા પરિણામ ભોગવે છે. ત્યારે પર્યાવરણનું જતન કરવું અનિવાર્ય નહીં આવશ્યક થઈ પડ્યું છે. જેમાં વૃક્ષારોપણ એકમાત્ર રામબાણ ઈલાજ છે. જેને ધ્યાને લઈ ભીલડીના પર્યાવરણ પ્રેમીએ ગ્રીન કમાન્ડો તરીકે સંકલ્પ લઈ જૂની ભીલડી અને સોયલામાં પીંપળ વન બનાવવાનો નિર્ણય કર્યો છે. જેનો તેમણે સેમોજ માતાના મંદિર પ્રાંગણમાં વૃક્ષ વાવીને શુભારંભ કર્યો હતો.

મુળ પાટણ તાલુકાના કુણઘેર ગામના વતની નિલેશભાઈ રાજગોરે ૪૫૦૦૦/- થી વધુ વૃક્ષોનું જતન કરેલ છે. તેમને પશુપંખી પ્રત્યે પણ અપાર પ્રેમ છે. ગુજરાતના ગામડે ગામડે ફરીને પર્યાવરણ અને વૃક્ષ વાવવા માટેનું જતન કરી રહ્યા છે. આજે સમગ્ર વિશ્વ પ્રદુષણની સમસ્યાથી પીડાઈ રહ્યુ છે. તેના માઠા પરિણામ લોકો ભોગવી રહ્યા છે. ત્યારે કુદરતી સંપત્તિ બચાવવામાં નહિં આવે તો આવનારી પેઢીઓનું તેનું પરિણામ ભોગવવું પડશે. એટલે પર્યાવરણની સુરક્ષા અને રક્ષા કરવાની તમામ લોકોની જવાબદારી છે અને માનવજાત માટે ઉપયોગી એ પર્યાવરણ બચી શકે છે તો જ સૃષ્ટિ બચશે વૃક્ષો બચશે તો જ સૃષ્ટિ બચી શકશે. એવા નારા સાથે પર્યાવરણ પ્રેમી નિલેશભાઈ રાજગોરે ભીલડીમાં મીટીંગ ભરી લોકોને પર્યાવરણ અને વૃક્ષનું જતન કરવાના સંકલ્પ લેવડાવ્યા હતા. સાથે સ્વચ્છતા અભિયાન અને બેટી બચાવો બેટી ભણાવો તેના પણ સંકલ્પ લેવડાવ્યા હતા.

આ પ્રસંગે નવી ભીલડીના વેપારીઓ તેમજ જુની ભીલડી અને સોયલાના આગેવાનો જોડાયા હતા. જેમાં વિનોદભાઈ રાવલ, મહેન્દ્રભાઈ જોષી તાલુકા ડેલીગેટ, રાજુભાઈ રાજગોર, નારણભાઈ જોષી, નરસિંહભાઈ પટેલ, કે.ટી.પંચાલ, જામનદાસ મહેશ્વરી, સતીષભાઈ જોષી રાજુભાઈ વિરભણભાઈ રાજગોર, તમામ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પક્ષીઓ માટેના કુંડાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

# ધી થરા વિભાગ નાગરીક શરાફી સહકારી મંડળીની ૨૦મી વાર્ષિક સાધારણ સભા યોજાઇ


યશપાલસિંહ ટી. વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના થરા નગરની પ્રતિષ્ઠત સહકારી સંસ્થા ધી.થરા વિભાગ નાગરીક શરાફી સહકારી મંડળી લિમિટેડ થરાની ૨૦ મી વાર્ષિક સાધારણ સભા ગઈ કાલ ઈદ શુભ દિને તા.૧૬/૦૬/૧૮ ને શનિવારના રોજ થરા - શિહોરી હાઈવે પર આવેલ શ્રી જલારામ મંદીરનાં પટાંગણમાં આ મંડળીના ચેરમેન અરવિંદભાઈ કે.ઠક્કર (લાટીવાળા)ના અધ્યક્ષસ્થાને યોજાઇ ગઈ. સભાની શરુઆત ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે દિપપ્રાગટ્ય કરી કરવામાં આવી. સ્વ.ઉષાબેન આર.ઠક્કર, સ્વ.દિલીપભાઈ જે.ઠક્કર, સ્વ.ધીરજ બાબુલાલ સોનીને મૌન દ્વારા શ્રધ્ધા સુમન અર્પણ કરેલ.મંડળીના મેનેજર તરુણભાઈ વી.ઠક્કર દ્વારા ગત સાધારણ સભાના ઠરાવો તેમજ વાર્ષિક હિસાબો રજુ કરેલ. મંડળીના ચેરમેન અરવિંદભાઈ કે.ઠક્કરે વાર્ષિક અહેવાલ રજુ કરેલ.તેમજ તેમણે જણાવેલ કે આપ સહુ સભાસદોના વિશ્વાસ અને સાથ સહકારથી આ સંસ્થા આગેકુચ કરી હરણ ફાળ ભરી રહેલ છે. જે આપ સૌ મિત્રો ને આભારી છે.

મંડળીના વા.ચેરમેને પ્રાસંગિક પ્રવચન કરેલ.મંડળીના મેનેજીંગ ડીરેક્ટર અચરતલાલ. એસ. ઠક્કરે મંડળીના વિકાસની વિગતવાર માહિતી આપેલ.અને જણાવેલ કે મંડળીના પુર્વ.મેનેજર સ્વ.ભુપેન્દ્રભાઈ વિઠ્ઠલભાઈ ઠક્કરના અથાગ પ્રયત્નથી આ સંસ્થાનો પાયો નંખાયેલ છે. જે અત્યારે વટવૃક્ષ સમાન બનેલ જે આપ સહુને આભારી છે. સાધારણ સભામાં મંડળીની સ્થાપના સમયથી સભાસદ બનેલ તેવા કાંકરેજ વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય કિર્તીસિંહ પી. વાઘેલાનુ મંડળીના

અનુસંધાન પાના નં.૬

# ઝેરડાનો કૃષ્ણનગર વિસ્તાર ગંદકીમાં ગરકાવ


અનિલ શાહ

### ગટર લાઈનની સફાઈ કરાવવાની ઉગ્ર માંગ

ડીસા

ચોમાસુ નજીક આવતા શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. પરંતુ ડીસા તાલુકાના ઝેરડા ગામે સફાઈ ન થતા સરકારના સ્વચ્છતા અભિયાનના ધજાગરા ઉડી રહ્યાં છે. ત્યારે ગામના કૃષ્ણનગર વિસ્તાર કે જ્યાં મુખ્યત્વે ગરીબ અને શ્રમજીવી પરિવારો વસવાટ કરે છે ત્યાં ગ્રામ પંચાયતની ગટર ઉભરાતા રોડ ઉપર ઠેકઠેકાણે ગંદા પાણીના ખાબોચિયા ભરાયા છે. જેની પારાવાર દુર્ગંધથી રહીશોને રહેવું મુશ્કેલ થઈ પડ્યું છે. ગંદકીના કારણે માખી-મચ્છરોનો ઉપદ્રવ વધી પડતા રોગચાળો ફાટી નીકળવાની પુરેપુરી શક્યતા છે. જેને ગંભીરતાથી લઈ સત્વરે ગટરની સાફ સફાઈ હાથ ધરાય તેવો જનમત પ્રવર્તે છે.

# દીઓદર ખાતે સ્વામી નારાયણ સત્સંગ સભા યોજાઈ


અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર આઝાદચોક ખાતે ૧૩મી સ્વામી નારાયણ સત્સંગસભા તા.૧૫/૫/૨૦૧૮ને શુક્રવારના રોજ રાત્રે ૮ કલાકે યોજાઈ હતી. જેમાં અમદાવાદ કાલુપુર સ્વામી નારાયણ મંદીરથી પધારેલ સંતશ્રી પ.પૂ.શાસ્ત્રી સ્વામી, શ્રી રામકૃષ્ણ સ્વામી, પ.પૂ.કોઠારી સ્વામી, શ્રી નારાયણમૂનિ સ્વામી, તથા શ્રી વ્રજભુષણ સ્વામી દ્વારા સત્સંગનો રસ પીરસાયેલ.

આ પ્રસંગે દીઓદર ના.કલેક્ટરશ્રી એ.ડી.ચૌહાણ, મામલતદારશ્રી પી.એસ.પંચાલ, પૂર્વ ધારાસભ્યશ્રી માનસિંહજી વાઘેલા, દીલીપભાઈ ઠક્કર, ભવાનજી ઠાકોર, ભરતભાઈ અખાણી, શૈલેષભાઈ ઠક્કર, મગનભાઈ પ્રજાપતિ, શીતલભાઈ ત્રિવેદી, રમણીકલાલ સોની, સહીત બહોળી સંખ્યામાં હરિભક્તો, ગ્રામજનો ઉપસ્થિત રહી સતસંગનો લાભ લીધેલ.

# વડગામમાં ઈદ- ઉલ- ફિત્રની મુસ્લિમો દ્વારા શાનદાર ઉજવણી


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

પવિત્ર રમઝાન માસ દરમ્યાન રોજા રાખી અલ્લાહની ઈબાદત કર્યા બાદ ગઈકાલ તા. ૧૬ મી જુન શનિવારે વડગામ તાલુકાના મુસ્લિમ બિરાદરોએ વડગામની મસ્જીદમાં ઈદની નમાજ અદા કરી એકબીજાને ઈદ મુબારક પાઠવી ઈદ ઉલ ફિત્રની શાનદાર ઉજવણી કરી હતી. વડગામના શમશેરપુરા ભરોડ-નાવિસણા- વરણાવાડા- હસનપુર- વગેરે ગામોના મુસ્લિમ બિરાદરો નમાજ બાદ એકબીજાને મળી ઈદની મુબારકબાદી પાઠવી હતી.

અનુસંધાન પાના નં.૬

# થરા ખાતે જિલ્લા ભાજપ બક્ષી મોરચાની બેઠક યોજાઈ


કિશોર પ્રજાપતિ

તા.પ્રતિનિધિ થરા

પ્રદેશ બક્ષી મોરચાના અધ્યક્ષ દિનેશભાઈ અનાવાડીયાની ઉપસ્થિતિમાં થરા માર્કેટયાર્ડ ખાતે જિલ્લા બક્ષી મોરચાની કારોબારી બેઠક યોજાઈ હતી.

કાંકરેજ ધારાસભ્ય કિર્તિસિંહ વાઘેલા, થરા માર્કેટયાર્ડના ચેરમેન અણદાભાઈ આર.પટેલ, જિલ્લા બક્ષી મોરચા પ્રમુખ રમેશભાઈ દેલવાડીયા દ્વારા આવેલ મહેમાનનું શાબ્દિક સ્વાગત બાદ દિનેશભાઈ અનાવાડીયાએ આગામી લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે. ત્યારે કોંગ્રેસ અવનવા આંદોલન કરશે. લોકોને ગેરમાર્ગે દોરવા પ્રયત્ન કરશે. કાર્યકરોએ અત્યારથી લોકસભાની તૈયારીમાં લાગી જવા આહવાન કરેલ છે.

કાંકરેજના ધારાસભ્ય કિર્તિસિંહ વાઘેલાએ આ પ્રસંગે જણાવેલ કે કોંગ્રેસના કેટલાક લોકો ખેડુતોને ગેરમાર્ગે દોરી નર્મદાનું પાણી આપવા માટે નાટકબાજી કરી રહ્યા છે. તેમને કોઈ અધિકાર છે જ નહીં. નર્મદા યોજના માટે કોંગ્રેસે હંમેશા વિરોધ કર્યો છે. ભાજપ સરકારે નર્મદા ડેમ ઉપર દરવાજા મુક્યા છે. જ્યારે અણદાભાઈ પટેલે જણાવેલ કે નર્મદામાં પાણીનો સંગ્રહ ત્રણ ઘણો થવાનો છે. હવે ભવિષ્યમાં પાણીની કોઈ સમસ્યા રહેશે નહીં.

અનુસંધાન પાના નં.૬

# ગુરૂરામ પાવન ભૂમિમાં ૪૦૬મી દીક્ષા સંપન્ન


વસંત બારોટ

ડીસા

ગુરૂરામ પાવન ભૂમિમાં દીક્ષા દાનેશ્વરી આ.શ્રી ગુણરત્નસુરીશ્વરજી મ.સા.આદિ ૯ આચાર્ય ભગવંતોની નિશ્રામાં તા.૧૬ જુનના રોજ સામુહિક ચાર દીક્ષા ઉલ્લાસભેર સંપન્ન થઈ આ સાથે ૪૦૩ થી ૪૦૬ મી દીક્ષા સંપન્ન થઈ. આચાર્યશ્રી મુનિચંદ્રસુરિજી આ.શ્રી યશોવર્મસુરીજી, આ.શ્રી પુણ્ય - યશો - રવી રશ્મિ - સંયમ - મુનીશરત્ન સુરિજી આદિ ઉપસ્થિત રહ્યા. ત્રણ હજારથી વધુ ભાવિકોની હાજરીમાં સંસારના વાધા છોડી સંયમનો વેશ પરિધાન કરીને આવ્યા ત્યારે સૌની આંખો અહોભાવથી ભીની હતી. પાત્રા - તરપણી આદિ ૧૫ ઉપકરણોની ઉછામણી બોલવામાં આવી, રજોહરણ અર્પણ, વેશ પરિવર્તન, કરેમિ ભંતેની પ્રતિજ્ઞા, કેશલુંચન અક્ષત વધામણા, ચાર નામ ઉદઘોષણ થઈ ૪૭ વર્ષના મુમુક્ષુ જયેશભાઈ સૌનેયાનું દીક્ષીત નામ મુનિરાજ શ્રી જિનગુણરત્ન વિજયજી થયા તેઓ આચાર્યશ્રી રશ્મિરત્નસુરીજીના ૪૫ માં શિષ્ય જાહેર કરાયા. મુમુક્ષુ સાધનાબેન સૌનેયાનું નામ સાધ્વી શ્રીજી વિમલરેખાશ્રી મુ.ત્વિષાબેનનું નામ સાધ્વીશ્રી તત્વરૂચિ મ.સા. મુ.અનલબેનનું નામ સાધ્વીશ્રી શુધ્ધાત્માં રેખાશ્રીજી મ.સા. જાહેર કરાયું.

# નાની ભાખરમાં જાગીરદાર સમાજનો સ્નેહમિલન સમારંભ


ભરત સુંદેશા

ડીસા

ડીસા તાલુકાના નાની ભાખર ગામે શ્રી જાગીરદાર રાજપુત ક્ષત્રિય સમાજના આયોજીત સ્નેહમિલન સમારંભમાં સમાજની બાળાઓની તલવારબાજીએ આકર્ષણ જમાવ્યું હતું.

નાની ભાખર ગામના શ્રી ઈસ્માની માતાજીના મંદિરે આયોજીત સ્નેહ મિલન સમારંભમાં શ્રી વાઘેલા રાજપુત જાગીરદાર સમાજ વિકાસ ટ્રસ્ટના અધ્યક્ષ બહાદુરસિંહ વાઘેલા, વાવ રાણા ગજેન્દ્રસિંહજી ચૌહાણ, મહાકાલ સેના ગુજરાતના અધ્યક્ષ અભિજીતસિંહજી બારડ, પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહજી દરબાર,

અનુસંધાન પાના નં.૬

# અમીરગઢમાં ઈદ ઉલ ફિતરની ઉલ્લાસભેર ઉજવણી


વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

મુસ્લિમ ધર્મના પવિત્ર રમઝાન માસની સમાપ્તિ સાથે આજે દેશભરમાં ઈદ ઉલ ફિતર ની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. અમીરગઢ ગામના મુસ્લિમ બિરાદરોએ પણ વહેલી સવારે ઈદગાહમાં જયી ઈદ ઉલ ફિતર ની નમાઝ અદા કરી ભાઈચાર સાથે એકબીજાને ગળે લગાવી ઈદની ખુશી માનયી હતી. મસ્જિદના ઈમામ તરફ થી દેશમાં શાંતિ અને ભાઈચારા માટે ખાસ દુવા કરવામાં આવી હતી.

# થરાદમાં મુસ્લિમ ભાઇઓએ રમજાન ઇદની નમાઝ અદા કરી


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

પવિત્ર ગણાતા રમજાન માસમાં મુસ્લિમ સમાજે આખો મહિનો કઠોર ખુદાની બંદગી કર્યા બાદ શુક્રવાર અને શનિવારે પવિત્ર રમજાન ઇદ તેમનાં માટે ખુશીનો દિવસ હતો.રમજાન ઇદ આવતાં મુસ્લિમ સમુદાયમાં ઉત્સાહમાં વધારો થયો હતો.શહેરમાં મુસ્લિમ બિરાદરોના પરિવારોએ સજીધજીને એક બીજાના ઘેર જઇને ઇદની મુબારક બાદી પાઠવી હતી.શુક્રવારની સવારે શહેરના ચામુંડાનગરમાં આવેલી દરગાહે તથા શનિવારની સવારે બસસ્ટેશન પાછળ આવેલી દરગાહે શહેર અને તાલુકાભરના મુસ્લિમ ભાઇઓ, બાળકો એકઠા થઇ એક્સાથે નમાઝ અદા કરી હતી.નમાઝ અદા કર્યા બાદ મુસ્લિમ સમાજના પ્રમુખ હાજીભાઇ તથા ગુલાબભાઇ તથા અન્ય અગ્રણીઓએ એક બીજાને પવિત્ર રમજાન ઇદની શુભેચ્છાઓ પાઠવી હતી.આ પ્રસંગે થરાદ નગરપાલિકાના પ્રમુખ લવજીભાઇ વાણિયા,થરાદ તાલુકા રાજપુત પ્રગતિ મંડળના પ્રમુખ ડીડી રાજપુત,તાલુકા કૉંગ્રેસ સમિતીના પ્રમુખ આંબાભાઇ સોલંકી,પાલિકાના પુર્વ પ્રમુખ પથુભાઇ રાજપુત,ઉપપ્રમુખ ચોથાભાઇ રબારી,સદસ્યો જેહાભાઇ હડીયલ,મહેશભાઇ વાણિયા,કાસમભાઇ પરમાર તથા મહેશ ત્રિવેદી,અર્જુન રાઠોડ,ભરત રાઠોડ,આદિલ બાનવા,મોહમદભાઇ સહિત બહોળી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજયના મહીલા અને બાળ વિકાસમંત્રી અંબાજીની મુલાકાતે



પ્રતિનિધિ અંબાજી

ગુજરાત રાજ્યના મહિલા અને બાળ વિકાસ તથા યાત્રાધામ વિકાસ પ્રધાન વિભાવરીબેન દવે આજે યાત્રાધામ અંબાજી ની મુલાકાતે પહોંચ્યા હતા જયાં સવાર ની મંગળા આરતી નાં દર્શન કરી જીલ્લાનાં તમામ ઉચ્ચ અધીકારીઓ સાથે ગોઠવેલી એક બેઠકમાં પહોંચ્યા હતા. જયાં તમામ વિભાગનાં અધીકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થીત રહ્યા હતા. આ બેઠકમાં ખાસ કરીને જીલ્લા માં વિકાસ નો દર ઉંચ્ચો આવે તેમજ ગુજરાતમાં પ્રસિધ્ધ તીર્થ સ્થળ અંબાજી આવતાં ગુજરાતનાં તથા ગુજરાત બહારનાં યાત્રીકોને કોઇ અગવડતા ન પડે તેવાં વિષયો ને લઇ વિસ્તૃત ચર્ચાઓ કરાઇ હતી. અંબાજીમાં ખાસ કરીને

અનુસંધાન પાના નં.૬

# તંત્રી સ્થાનેથી ...

**ખુશી આપણા જ્ઞાન અને વિવેકથી આવે છે, એનીમેળે નહીં.**

## રોડ- રસ્તાના નવિનીકરણમાં ગેરરીતિ ચાલી શકે નહિં

ચોમાસાના દિવસો નજીક હોવા છતાં શહેર અને ગામડાના બિસ્માર માર્ગોનું નવિનીકરણ કરવા માટે માત્ર હવે પ્રયત્નો ચાલી શકશે નહિ. ચાર માર્ગી નેશનલ હાઈવે રોડ માટે અબજોનું ભલે પાણી કરવામાં આવે તે યોગ્ય જણાતું નથી. સતત વાહનોની ગતિ તેજ રહેતા હાઈવે માર્ગો ભલે ગમે તેટલા ખખડધજ હોય પરંતુ ચોમાસા દરમ્યાન તેની ગુણવત્તાનો ખ્યાલ આવી જતો હોય છે. અને માર્ગ બનાવવામાં થતી ગેરરીતિ બહાર આવ્યા બાદ જ બેઠકોનો દોર શરૂ થઈ જતો હોય છે. રૂપિયા પાણીમાં જાય તેવા રોડ શા માટે બનાવવામાં આવતા હશે? ગત વર્ષના ચોમાસા દરમ્યાન રાજ્યમાં અમદાવાદ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ૩૪૮ કિલોમીટરના માર્ગો ખખડધજ બની ગયા હતા. તેમાંના કેટલાક માર્ગોનું નવિનીકરણ કરવામાં આવેલ. તેમ છતાં છ માસમાં જ અમુક માર્ગો હતા- ન હતા જેવી સ્થિતિ સર્જાઈ છે. નવા માર્ગો બનાવવામાં ગેરરીતિ થવી જોઈએ નહિં.

કહેવાય છે કે આસામ અને ત્રિપુરા વચ્ચેની સરહદે આવેલા આસિયાકુંજ વિસ્તારમાં નેશનલ હાઈવે જે નક્કી કરવામાં આવ્યો છે. તેની પર સાયકલ લઈને પણ જઈ ન શકાય તેવી રોડની હાલત છે, ગત ચોમાસામાં ભારે વરસાદના મારના કારણે હાઈવે માર્ગો સંપૂર્ણ ધોવાઈ ગયા હતા. માર્ગોના ધોવાણના કારણે આવશ્યક ચીજવસ્તુઓ જે ટ્રાન્સપોર્ટ મારફતે આવતી હતી. તે ન આવતા આવશ્યક વસ્તુઓની અછત સર્જાઈ હતી. વેપારીઓ પાસે જે ચીજવસ્તુ પડી હતી. તેના બમણા ભાવ લઈને ગરીબ જનતાને ધોળે દિ' છેતરવામાં આવી. આ બાબતે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવા છતાં પરિણામ શુન્ય આવેલ.

એક સર્વે પ્રમાણે મહારાષ્ટ્રના કેટલાકપરા વિસ્તારના માર્ગોનું નવિનીકરણ વર્ષોથી થયું નથી. આ રાજ્યના ઝુંપડપટ્ટી વિસ્તારમાંથી નિકળી ન શકાય તેવી સ્થિતિ પેદા થઈ છે. કેમ કે અસંખ્ય વિસ્તારોમાં પાકા રોડ બન્યા જ નથી. રાજ્યના બિહાર, કિંગ્સ સર્કલ, ડોકાયાર્ડ રોડ જેવા પરા વિસ્તારમાં ભારે વરસાદના મારથી આખેઆખા રોડ ઉખડી ગયા છે.

જ્યારે તામિલનાડુમાં પાંચ લાખથી વધુ લોકો ત્યાંની ઝુંપડપટ્ટીમાં વસવાટ કરે છે. સદ્‌ગત મુખ્યમંત્રી જયલલીતાએ પાંચ વર્ષ અગાઉ નવા માર્ગોને પુનઃ બનાવવા માટે ૮૦ કરોડની લહાણી કરી હતી. ચેન્નાઈ આસપાસના ગામડાઓમાં પાકા રોડ બનાવી દીધા પછી આ વિસ્તારનો સારો એવો વિકાસ થયો છે.

સૌથી ધનિક રાજ્ય એવા કેરળમાં લોકો અપેક્ષાકૃત વિશાળ મકાનોમાં વસવાટ કરે છે. ૨૦૧૪ દરમ્યાન કેરળમાં નવી આવાસ યોજનાની સાથે સાથે માર્ગોનું નવિનીકરણ કરવા માટેનો એક ઠરાવ ત્યાંની વિધાનગૃહમાં પસાર થયો હતો અને હાલમાં પણ ગુજરાત કરતાં ત્યાંના ગ્રામ્ય માર્ગો વધુ મજબુત અને ટકાઉ બન્યા છે. ગુજરાતમાં જે નવા માર્ગો બન્યા છે. તેમાં થયેલી ગેરરીતિના પરિણામે માત્ર બે વર્ષમાં જ માર્ગો બિસ્માર બની જતાં હોય છે અને તેમાંય ભારે વરસાદના મારમાં રોડની સ્થિતિ બેહાલ બની જતી હોય છે. આ બાબતે ઉચ્ચ સ્તરે તપાસ થવી જોઈએ.

જે તે રાજ્યમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મકાનોનું નિર્માણ થયું છે. ત્યાં કેટલા રોડ બન્યા છે અને હાલમાં કેટલા બાકી રહ્યા છે. તેની રાજ્ય સરકાર દ્વારા સમીક્ષા કરવામાં આવે તે જરૂરી છે.

માર્ગોના કામમાં જો ગેરરીતિ થતી હોય તો સરકારે આ બાબતે કડક નીતિ અખત્યાર કરવી જોઈએ. રોડ કોન્ટ્રાક્ટરે રોડ બનાવવાનો માલસામાન નીતિ મુજબ વાપરતા હોય તો રોડનું એક પણ પડ ઉખડી શકે નહિં. મુળ મુદ્દે અધિકારીઓની નિષ્ક્રિયતાના પરિણામે માર્ગો બિસ્માર બની જતાં હોય છે.

## સિનેપોલીસ પોતાના થિયેટર્સમાં ફિફા (FIFA) વર્લ્ડ કપ રશિયા ૨૦૧૮ ની નોકઆઉટ મેચોનું લાઈવ બ્રોડકાસ્ટ પ્રદર્શિત કરશે

સિનેપોલિસ, ભારતની પ્રથમ આંતરરાષ્ટ્રીય અને વિશ્વની બીજી સૌથી મોટી મૂવી થિયેટર ચેઈન, ફિફા (FIFA) વર્લ્ડ કપ રશિયા ૨૦૧૮ ના નોકઆઉટ મેચોના લાઈવ બ્રોડકાસ્ટ પ્રદર્શિત કરશે. આ પહેલ સાથે, સિનેપોલિસ ઈન્ડિયા ભારતની મોટી સ્ક્રીન પર ફુટબોલ લવર્સ માટે ઉજવણી અને પ્રદર્શન કરવા માટે સૌપ્રથમ પ્રદર્શક બનશે. એસોસિએશન પર બોલતા, સિનેપોલિસ ઈન્ડિયાના સ્ટ્રેટેજિક ઈનિશિયેટીવ્સ ડિરેક્ટર શ્રી દેવાંગ સંપતે જણાવ્યું હતું કે, "૨૦૧૮ ફિફા (FIFA) વિશ્વ કપના 'સ્ટેડિયમ-ઈજેક્ટ' લાઈવ સ્ક્રિનીંગને પ્રસ્તુત કરવા માટે અમે ખુબ ખુશ છીએ . ભારતમાં ઘણા ક્રિકેટના ફેન્સ છે , પરંતુ આઈએસએલ અને ઈન્ડિયન ફૂટબોલ ટીમને અપવાદરૂપે સારી રીતે રજૂ કરવાથી સોકરની ભાવના નવા સ્તરે આવી છે. થિયેટર અનુભવને ઊંચા સ્તરે લાવાનો પ્રયત્ન કરે છે અને અમારા સમર્થકોને લોકો સાથે આનંદ માણવા માટે તક આપે છે. " જો કે વર્લ્ડ કપ દર ચાર વર્ષે એક વખત થાય છે, તે લોકોની પસંદગી તેમની વય અને જાતિને અનુલક્ષીને કરે છે કારણ કે તેઓ તેમની મનપસંદ ટીમને ચિયર્સ કરે છે . તેથી હવે ફક્ત જુઓ જ નહી, પરંતુ ફિફા (FIFA) વર્લ્ડ કપ રશિયા ૨૦૧૮ નો અનુભવ કરો.

## ગુજરાતી સિનેમા ઉદ્યોગમાં સમાજને રાહ ચીંધતું સૌ પ્રથમ નિર્દોષ મુવી-સેક્સ એજ્યુકેશન !

ગુજરાતી સિનેમાં ક્ષેત્રે એક ઐતિહાસિક કહી શકાય તેવું.. સમાજને પ્રેમણા આપતું.. અત્યાધુનિક...મુક્ત વિચાર અનેસેક્સ સંબંધિત મુઝવતા પ્રશ્નોને વાચા આપતું મુવી એટલે સેક્સ એન્યુકેશન. પ્રશ્નોત્તરી સ્વરૂપે શિબણ-વિદ્યાર્થીના સવાલ-જવાબને આબેહૂબ રીતે રજુ કરતું, વલ્ગારિટી વગરનું, સમાજમાં સેક્સ સંદર્ભે જાગ્રતતા જેને 'વેરી નાઈસ મેકિંગ' તરીકે જણાવી. મેજર કટ વગર 'એ'સર્ટિફિકેટઆપેલ છે, તે ગુજરાતી ફિલ્મ સેક્સ એજ્યુકેશન વડીલોએ, પેરેન્ટ્સે અચૂક એક વખત નિહાળી.. પોતાના બાળકોમાં જાગ્રતતા કેળવવા માર્ગદર્શન બની રહેશે.

સંગીત ફિલ્મ સ્ટુડિયોના બેનર તળે પ્રણવ પટેલ દ્વારા દિગદર્શિત આ ફિલ્મના નિર્માતા કિશોર જાંગીડ અને દીપક જાંગીડ છે. જે સમગ્ર ગુજરાતના સિનેમાઘરોમાં ૨૨ જૂનના રોજ રજૂ થઈ રહેલ છે. પ્રણવ પટેલ અને પ્રોડ્યુસર કિશો જાંગીડના જણાવ્યા મુજબ-આ ફિલ્મ દરેક પેરેન્ટ્સે ક્ષોભ સંકોચ વગર એક વખત જરૂર નિહાળવી જોઈએ. વયસ્ક થઈ રહેલાં બાળકોની આંતરીક સમસ્યાનો ઉકેલ તેમને અહીંથી મળી જ જશે. બાળકો ગેરમાર્ગે દોરાતાં અટકી જશે. તેમનામાં જાગ્રતતા કેળવાશે.આ ફિલ્મમાં ચેતન દૈયા, હરેશ દાગીયા, સંજય પ્રજાપતિ, દિવ્યા ભટ્ટ, કોમલ પંચાલ, સમર્થ શર્મા, યેશા ગાંધી, રાજન ઠાકર, મકલેશ પરમાર. અંજલિ દાહિયા જેવા નીવડેલાં કલાકારો કોઈપણ જાતની વલ્ગારિટી વગર સેક્સ એજ્યુકેશનની ચર્ચા કરે છે. આ કલાકારો વ્યસ્ક વિદ્યાર્થીઓને સેક્સ તેમજ શારીરિક વિકાસ સંદર્ભે સચોટ માહિતી પિરસે છે. પ્રેમ, સન્માન અને સાચી લાગણીઓનું મહત્વ, સમજણ અને સંયમ, કન્યાઓ-મહિલાઓ પ્રત્યેની માનસિકતામાં ઉદારીત્વ, વગેરે પ્રશ્નોત્તરી સ્વરૂપની રજૂઆત હૃદયને સ્પર્શી જાય તેવી છે.

સ્ક્રીપ્ટ રાઈટર અને ડિરેક્ટર પ્રણવ પટેલ તેમજ લાઈન પ્રોડ્યુસર હિંમતભાઈ વાસદિયા અનેસુશીલ નેટલેકર કહે છે કે મોડર્ન તો થયા છે, પરંતુ બાળકોને જાતીયતા સંદર્ભે પૂરતી માહિતી આપી શકતા નથી. પરિણામે બાળકોમાં સેક્સની અધૂરી સમજણ ભૂલો કરાવી નાખે છે. આટલું જ નહિ, શાળામાં સેક્સ એજ્યુકેશન સબ્જેક્ટ નથી, શિક્ષકો પણ આ સંદર્ભે પૂરતું જ્ઞાન પિરસતાં નથી.. અને એ જરૂરિયાત પશ્રિપૂર્ણ કરવા તૈયાર થઈ ગઈ છે. ગુજરાતી ફિલ્મ-સેક્સ એજ્યુકેશન.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

II Our Experience is Your Treasure II

ISO 9001:2015 CERTIFIED

Investment Point

www.Investmentpoint.in

Stock Market Trading Consultancy



Nikhil Bhatt

Research Analyst - SEBI

+91 99793 80808

# શેરબજારની સ્ટોક સ્પેશિફિક તેજી યથાવત રહેશે...!!!

## ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટ // નિખિલ ભટ્ટ // : સમીક્ષા સમય : ૧૮.૦૬.૨૦૧૮ થી ૨૨.૦૬.૨૦૧૮

### રોકાણકાર મિત્રો, આનંદ ને ...!

મિત્રો, ગત સપ્તાહે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને નોર્થ કોરીયન સરમુખત્યાર કિમ જોંગ ઉન વચ્ચેની મુલાકાત પછી બજાર વધીને બંધ રહ્યું હતું.

પીએસયુ બેન્કો, ફાર્મા, એફએમસીજી, આઈટી, એનર્જી સેક્ટરની તેજી રહી હતી. માર્કેટમાં મોટા ભાગના સેક્ટર્સમાં તેજી રહી હતી. માર્કેટમાં નાના શેરોમાં પણ સારી ખરીદી જોવા મળી છે.

### સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીયે તો....

મિત્રો,પેટ્રોલ-ડીઝલના ભાવમાં વૃદ્ધિને પગલે મે મહિનામાં જથ્થાબંધ ભાવાંક આધારિત ફુગાવાનો દર વધીને ૪.૪૩ % ની ૧૪ મહિનાની ઊંચી સપાટીને સ્પર્શી ગયો હતો. ગત એપ્રિલ મહિનામાં ઉઁ ૩.૧૮% હતો જ્યારે એક વર્ષ અગાઉના સમાનગાળા દરમિયાન ૨.૨૬% નોંધાયો હતો. સરકારે જારી કરેલા સત્તાવાર આંકડા અનુસાર ગત મહિનાના ૦.૮૭%ની વૃદ્ધિ સામે મે મહિનામાં ખાદ્ય પદાર્થોના ભાવમાં ૧.૬૦%ની વૃદ્ધિ જોવા મળી હતી. મે મહિનામાં ઈંધણ અને વીજળીના બાસ્કેટમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો હતો અને તેમાં ૧૧.૨૨%ની વૃદ્ધિ જોવા મળી હતી. એપ્રિલમાં ઈંધણ અને વીજ બાસ્કેટમાં માત્ર ૭.૮૫%ની વૃદ્ધિ જોવા મળી હતી. મે મહિનામાં જથ્થાબંધ ભાવાંક આધારિત ફુગાવાનો દર ૧૪ મહિનાની ઊંચી સપાટીને સ્પર્શી ગયો હતો. આ અગાઉ માર્ચ, ૨૦૧૭ માં ફુગાવાનો દર ૫.૧૧% થયો હતો. પેટ્રોલ-ડીઝલના ઊંચા ભાવથી આયાત બિલ પર નોંધપાત્ર અસર જોવાશે અને તેને પગલે વિનિમય દર પણ અસર થશે. આ ઉપરાંત ઉદ્યોગોની કાચામાલની પડતર વધશે તેથી હાલમાં નફામાં ભારે દબાણનો સામનો કરી રહેલા ઉદ્યોગો પર પ્રતિકૂળ અસર પડશે.

### મિત્રો, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૮ -૧૯ માં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા....

વિદેશી સંસ્થાઓના વાર્ષિક રોકાણ સંદર્ભે જોઈએ તો ફેબ્રુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૮,૬૧૯ કરોડની વેચવાલી,

માર્ચ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૭૯૦૪.૮૫ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૯૬૨૦.૫૬ કરોડની વેચવાલી,મે ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૨૩૫૯.૭૧ કરોડની વેચવાલી તેમજ ૧૩ જુન ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૨૩૨ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

### ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭ -૧૮ માં સ્થાનિક સંસ્થાઓના રોકાણકારો દ્વારા...

મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૨૭૭.૦૬ કરોડની ખરીદી, જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૭૬.૧૧ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૭૮૬.૩૭ કરોડની ખરીદી, ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૬૨૦૫.૨૨ કરોડની ખરીદી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૧,૦૨૫.૫૩ કરોડની ખરીદી, ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૦૦૯૦.૯૧ કરોડની ખરીદી, નવેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૩.૨૧ કરોડની ખરીદી, ડીસેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૮૧૪૨.૮૮ કરોડની ખરીદી, જાન્યુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૩૯૮.૭૩ કરોડની ખરીદી, ફેબ્રુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૭,૮૧૩ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૬૬૯૩.૯૧ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ. ૮૬૬૩.૮૮ કરોડની ખરીદી, મે ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ. ૧૫૦૫૪.૪૮ કરોડની ખરીદી તેમજ ૧૩ જુન ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ. ૫૩૪૬.૫૮ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

### બજારની ભાવિ દિશા.....

મિત્રો, રોકાણકારોએ વૈશ્વિક વેપાર અંગેની ચિંતાની અવગણના કરતા સપ્તાહના પ્રારંભમાં બજાર મજબૂત સ્તરે ખૂલ્યું હતું. ફેડ વ્યાજદરમાં ૨૫ બેસિસ પોઈન્ટ્સનો વધારો કરે તેવી ધારણા છે. બજારને આ રેટહાઈકને ડિસ્કાઉન્ટ પણ કરી દીધો છે. ગયા સપ્તાહે ભારતમાં રિઝર્વ બેન્કે રેપો રેટને ૨૫ બેસિસ પોઈન્ટ્સ વધારીને ૬.૨૫% કર્યો હતો અને નાણાનીતિ માટે તેના ન્યુટ્રલ વલણને જાળવી રાખ્યું હતું. ભારતમાં આશરે ચાર વર્ષ પછી પ્રથમ વખત વ્યાજદરમાં વધારો થયો છે. હવે મધ્યસ્થ બેન્ક રેપો રેટમાં વધારો કરતાં પહેલાં ઓગસ્ટ સુધી રાહ જુએ તેવી ધારણા છે. ઈંધણના ભાવમાં વધારાના ટ્રેન્ડને કારણે ફુગાવામાં વધારો થવાની ધારણા છે. મિડ-કેપ શેરો અને સ્મોલ-કેપ શેરોમાં ધોવાણ ચાલુ રહ્યું છે. જો છેલ્લાં છ ટ્રેડિંગ સપ્તાહની વિચારણા કરીએ તો આ સમયગાળામાં સેન્સેક્સમાં અંદાજીત ૦.૩૪ % વધારો થયો છે. જો કે આ સમયગાળામાં સ્મોલ-કેપ ઈન્ડેક્સમાં ૨.૧% અને મિડ-કેપ ઈન્ડેક્સમાં ૦.૦૬% ઘટાડો થયો છે. મિડ-કેપ અને સ્મોલ-કેપ ઈન્ડેક્સમાં કરેક્શનનું મુખ્ય કારણ મ્યુચ્યુઅલ ફંડ્સ પોર્ટફોલિયોનું પુનર્ગઠન અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો અથવા એફઆઈઆઈની વેચવાલી છે. સેબીના આદેશને પગલે મ્યુચ્યુઅલ ફંડ્સ તેમની સ્કીમનું પુનર્ગઠન કરી રહ્યા છે. સટ્ટાકીય કામકાજને અંકુશમાં લેવા માટે શેરબજારે તાજેતરમાં રજૂ કરેલા નવા નિયમોથી આ સેગમેન્ટમાં ગભરાટ ફેલાયો હતો. ચોમાસાની સારી પ્રગતિ બજાર માટે પોઝિટિવ પરિબળ બનશે અને તેનાથી રોકાણકારોના સેન્ટિમેન્ટને મદદ મળશે. જાહેર ક્ષેત્રની બેન્કોમાં શોર્ટ ટર્મ બાઉન્સ આવ્યો છે. રિઝર્વ બેન્ક વધુ ત્રણ સરકારી બેન્કોને પ્રોમ્પ્ટ કરેક્ટિવ એક્શન (પીએસએ) હેઠળ મૂકે તેવી ધારણા છે. પીએસયુ બેન્કોમાં બાઉન્સ ટૂંકા ગાળાનો બની રહેવાની ધારણા છે અને રોકાણકારોએ કોઈ નવી લોંગ પોઝિશન ન લેવી જોઈએ. ફાર્મા શેરોમાં ખરીદીનો રસ જોવા મળી રહ્યો છે.

રોકાણકારોએ બેથી ત્રણ વર્ષના સમયગાળાના ધ્યાનમાં રાખીને પોર્ટફોલિયોમાં ફાર્મા શેરોનો ઉમેરો કરવો જોઈએ.

તેમજ દેશના કૃષિ ક્ષેત્ર માટે વરસાદ અનિવાર્ય છે. જો ચોમાસુ સારું રહે તો કૃષિ અર્થતંત્ર મજબૂત બને છે અને તેની માગ પર મોટી પોઝિટિવ અસર પડે છે. ચાલુ સીઝનમાં સારા ચોમાસાની આગાહીને બજાર અત્યાર સુધી વળગી રહ્યું છે અને તેથી એફએમસીજી શેર્સમાં મોમેન્ટમ જળવાઈ રહેવાની ધારણા છે.

બાકી મારા મતે " તબક્કાવાર નફો બુક કરે એ જ શાણો રોકાણકાર "...કેમ ખરું ને ....!!!

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!! મિત્રો, ખેર હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી અંદાજીત ....શેરબજારની રુખ





**નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** નિફ્ટી ફ્યુચર તા. ૧૧/૦૬/૨૦૧૮ ના રોજ ૧૦૭૬૮ પોઈન્ટ ખુલીને ૧૦૭૩૫ પોઈન્ટના નીચા મથાળે થી ૧૦૮૭૩ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૧૩૮ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૭૦ પોઈન્ટના ઉછાળે ૧૦૮૧૮ પોઈન્ટ બંધ થયેલ...!!!

**બેન્ક નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** બેન્ક નિફ્ટી ફ્યુચર તા. ૧૧/૦૬/૨૦૧૮ ના રોજ ૨૬૪૪૯ પોઈન્ટ ખુલીને ૨૬૩૦૧ પોઈન્ટના નીચા મથાળેથી ૨૬૭૩૨ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૪૩૧ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૩૦ પોઈન્ટના ઘટાડે ૨૬૪૦૭ પોઈન્ટ બંધ થયેલ...!!!

### નિફ્ટી ફ્યુચર બંધ (૧૦૮૧૮)

આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૭૬૦ પોઈન્ટના પ્રથમ અને ૧૦૭૦૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૧૦૮૪૮ પોઈન્ટથી ૧૦૮૬૦ પોઈન્ટ, ૧૦૮૮૮ પોઈન્ટની અતિ મહત્વની નીચી સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૮૮૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ (૨૬૪૦૮)

આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૨૬૦ પોઈન્ટના પ્રથમ અને ૨૬૦૦૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૬૪૮૮ પોઈન્ટથી ૨૬૫૦૫ પોઈન્ટ, ૨૬૫૭૫ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૫૭૫ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### ટ્રેડીગ સંદર્ભે ફ્યુચર સ્ટોક ધ્યાને લઈએ તો ......

૧) **HDFC** બેન્ક ( ૨૦૨૪ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ આ ફ્યુચર સ્ટોક રૂ.૨૦૦૩ ના પ્રથમ સપોર્ટથી ખરીદવાલાયક...!! બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૦૪૭ થી રૂ.૨૦૭૭ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે....!!

૨) તાતા એલેકસી ( ૧૩૦૬ ) :- આ સ્ટોક રૂ.૧૨૮૮ નો પ્રથમ તેમજ રૂ.૧૨૭૩ ના બીજો અતિ મહત્વનો સપોર્ટ ધરાવે છે. ફ્યુચર ટ્રેડીંગ સંદર્ભે ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂ.૧૩૨૩ થી રૂ.૧૩૩૦ સુધી ની તેજી તરફ રુખ નોંધાવશે...!!

૩) અજંતા ફાર્મા ( ૧૧૧૦ ) :- ૫૦૦ શેર નું ફ્યુચર ધરાવતો આ સ્ટોક રૂ.૧૦૭૩ નો પ્રથમ તેમજ રૂ.૧૦૫૩ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક ફાર્મા સેક્ટરનો આ સ્ટોક સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી રૂ.૧૧૩૭ થી રૂ.૧૧૭૫ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા છે....!!

૪) **TCS** લિમિટેડ ( ૧૮૪૬ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૮૮૮ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૯૦૩ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૮૨૩ થી રૂ.૧૮૦૮ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૯૦૯ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

૫) સીએટ લિમિટેડ ( ૧૩૩૫ ) :- રૂ.૧૩૫૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૩૭૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! ટૂંકાગાળે રૂ.૧૩૧૬ થી રૂ.૧૩૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૩૭૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!

૬) કોટક બેન્ક ( ૧૩૩૩ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૩૪૭ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૩૫૫ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૩૧૩ થી રૂ.૧૩૦૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૩૫૭ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

### હવે જોઇએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક સ્ટોક......

૧) ટેક સોલ્યુશન ( ૨૯૭ ) :- સેક્ટરની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૮૮ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૮૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૩૧૩ થી રૂ.૩૨૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૩૨૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) ભારત એગ્રી ફર્ટી ( ૧૪૫ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૩૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૩૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૫૬ થી રૂ.૧૬૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) **NB** વેન્ચર્સ ( ૧૪૫ ) :- રૂ.૧૩૧ નો પ્રથમ તેમજ રૂ.૧૧૯ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૧૬૩ થી રૂ.૧૭૫ સુધીની તેજી તરફી રુખ નોધાવશે ....!!!

૪) વિરંચી ટેકનો ( ૧૦૮ ) :- ટેક્નોલૉજી સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૧૯ થી રૂ.૧૨૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૯૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) જીફ ગ્લોબલ મિલ ( ૧૧૯ ) :- રૂ.૧૧૩ નો પ્રથમ તેમજ રૂ.૧૦૩ ના સ્ટોગ સપોર્ટથી રિઆલિટી સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૧૩૩ થી રૂ.૧૪૫ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

૬) **KG** પેટ્રો ( ૧૦૫ ) :- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૯૩ આસપાસના સપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૧૧૭ થી રૂ.૧૩૧ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

૭) સ્વરાજ ઓટો ( ૩૫૧ ) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૩૧૬ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૩૭૩ થી રૂ.૩૯૦ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

૮) શ્રી ગણેશ બાયોટેક ( ૩૯૯ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બાયો - ટેકનોલોજી સેકટરનો આ સ્ટોક રૂ.૩૭૩ આસપાસ રોકાણકારે રૂ.૪૧૪ થી રૂ.૪૩૪ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૩૬૧ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

### રોકાણ સંદર્ભે સ્મોલ સેવિંગ્ઝ સ્કીપો ધ્યાને લઈએ તો

૧) ટીના રબર ( ૬૨ ) :- રબર સેક્ટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૭૧ થી રૂ.૭૭ ના ભાવની સંભાવના ધરાવે છે...!! રૂ.૫૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૨) જીન્દાલ ફોટો ( ૪૭ ) :- ડિલેવરીબેઈઝ રોકાણકારે ફોટો સેક્ટરનાં આ સ્ટોકને રૂ.૪૦ ના અતિ મહત્વના સપોર્ટ થી ખરીદવાલાયક સાપ્તાહિક ટ્રેડિંગ સંદર્ભે રૂ.૫૩ થી રૂ.૬૦ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે....!!!

૩) હરિશન માલાયમ ( ૯૭ ) :- ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૮૬ નો પ્રથમ તેમજ રૂ.૮૧ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક સુગર સેકટર નો આ સ્ટોક ટુંકાગાળે રૂ.૧૦૯ થી રૂ.૧૧૩ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

૪) વિવિમેડ લેબ્સ લિ. ( ૬૭ ) :- રૂ.૬૩ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૭૨ થી રૂ.૭૮ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૭૯ ઉપર તેજી તરફી ધ્યાન.....!!

**નિફ્ટી ફ્યુચર સાપ્તાહિક રેન્જ ૧૦૭૦૭ થી ૧૦૮૮૮ પોઈન્ટ ધ્યાને લેશો.....!!**

# ખેટવા પ્રા.શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

## દુધ મંડળી દ્વારા ૩૨૦ બાળકોને ગણવેશનું વિતરણ




પ્રતિનિધિ ભીલડી

કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ અંતર્ગત ડીસા તાલુકાના ખેંટવા પ્રા.શાળામાં ધો.૧ માં પ્રવેશ લેનાર બાળકોને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના જોઈન્ટ સેક્રેટરી ડી.અમર.પટેલના હસ્તે બાળકોને ધો.૧ માં પ્રવેશ અપાયો હતો. ખેંટવા પ્રા.શાળા અને ઈન્દિરાનગર પ્રા.શાળાનો સંયુક્ત પ્રવેશોત્સવ રાખવામાં આવ્યો હતો. જોઈન્ટ સેક્રેટરી ડી. આર.પટેલે હાજર રહેલ વાલીઓને બાળકો નિયમીત શાળાએ જાય તે માટે જાગૃત રહેવા અપીલ કરી હતી. આ કાર્યક્રમના ધો. ૩ થી ૮ માં ૧ થી ૩ નંબરે ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે પ્રોત્સાહીત ઈનામ આપી. બીરદાવ્યા હતા. આ પ્રસંગે ગામના સરપંચ ગ્રામજનો વાલીગણ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.ખેંટવા પ્રા.શાળામાં ધો. ૧ થી ૮ ના ૩૨૦ વિદ્યાર્થી ભાઈ - બહેનોને ખેંટવા દુધ ઉત્પાદક સહકારી મંડળી દ્વારા ગણવેશ આપવામાં આવ્યા હતા. જે કામગીરીને ડી.આર.પટેલે મંડળીના મંત્રી રાણાભાઈ દેસાઈને અભિનંદન પાઠવી બિરદાવી અને મંત્રી રાણાભાઈ દેસાઈનું સન્માન કરવામાં આવ્યું હતું. અંતમાં આભાર વિધી શાળાના આચાર્ય મહેશભાઈ નાઈએ કરી હતી.

# બનાસકાંઠા જિલ્લા ઠાકોર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાશે

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં વસતા ઠાકોર સમજના તેજસ્વી વિદ્યાર્થી ભાઈ બહેનોનો સતત ૧૫મો ઈનામ વિતરણ અને સન્માન સમારોહ આગામી દિવસોમાં ડીસા ખાતે યોજનાર છે.જેમાં ઠાકોર સમાજના ધો.૧૦ અને ૧૨ માં ૬૫% કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ, ગ્રેજ્યુએટ કે તેની સમકક્ષ ની ડિગ્રીમાં ફર્સ્ટ કલાસ મેળવનાર ભાઈ બહેનો,ત્નઈઈ કે્છ્ તેમજ સ્પર્ધાત્મક પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ કરનાર ભાઈ બહેનોએ પોતાની ચાલુ વર્ષની માર્કશીટની ખરી નકલ ચિરાગ માર્કેટિંગ,રિદ્ધિ સિદ્ધિ કોમ્લેક્સ, બ્રાન્ચ શાળાની સામે, ડીસા મો.નં.૯૮૨૪૦૨૫૯૪૯ ખાતે તા.૧૬ જૂન ૨૦૧૮ થી ૧૫ જુલાઈ ૨૦૧૮ સુધીમાં રૂબરૂ કે પોસ્ટ દ્વારા મોકલી આપવા સમાજની યાદી માં જણાવાયું છે.આ સન્માન સમારોહમાં રમત ગમત સહિત વિવિધ ક્ષેત્રે સમાજનું નામ રોશન કર્યું હોય તેવા લોકોનું પણ વિશિષ્ઠ સન્માન કરાશે.

## "અસ્થિનું વિસર્જન થાય તે પહેલાં પ્રભુ ઉપર આસ્થા જગાડી દો"

# "મરણ નિવારી શકાતુ નથી પરંતુ સુધારી તો શકાય છેઃ રાજરક્ષિત વિજયજી મ."

મુંબઈ

શ્રેયસ્કર શ્રી અંધેરી ગુ-જરાતી જૈન સંઘ, આદિનાથ જિનાલય ઈર્લામાં યુગપ્રધાન-આચાર્ય સમ પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રશેખર વિજયજી મ. સાહેબના શિષ્ય પ્રવચનકાર પંન્યાસ રાજરક્ષિતવિજયજીએ સત્સંગ સભાને સંબોધન કરતા જણાવ્યું કે, મોત નીવારી શકાતુ નથી. પરંતુ મોત સુધારી શકાય તો છે. આગમનના સમાચાર તો નવ મહિના પહેલાં માતા- પિતા- તથા પરિવારને મળી ગયા હતા. પરંતુ નિર્ગમન (મોત) ના સમાચાર નવ સેકંડ પહેલાં ખુદને પણ મળશે કે નહિ તે મોટો સવાલ છે!! અસ્થિનું વિસર્જન થાય તે પહેલાં દેવ-ગુરૂ અને ધર્મ ઉપર આસ્થા જમાવી લેવી જોઈએ.

પૂજ્યશ્રીએ જણાવ્યુ કે, આલોક અને પરલોક સુધારવા માટે પાપભિતિ અને પ્રભુપ્રિતિ કેળવવી જોઈએ. સાપ કરતાં પાપ વધુ ખતરનાક છે. સાપ એક ભવ મારે છે જ્યારે પાપ ભવોભવ બરબાદ કરે છે. પરલોકનો ભય ખતમ થવાથી પાપો ખૂબ વધ્યા છે. ભ્રષ્ટાચાર, અનિતિ વિશ્વાસઘાત, હિંસા જેવા પાપો દેશની અસ્મિતાને ખતમ કરી રહ્યા છે. યુવા વર્ગમાં ઈઝીમનીનો ચેપ લાગ્યો છે. રાતોરાત કરોડપતિ થવા માટે ગમે તેવા રાષ્ટ્રદ્રોહી-ધર્મવિરૂધ્ધ કામ કરતાં પણ અચકાતો નથી. એક વાત ધ્યાનમાં રાખજો કે હરામના પૈસા ખાઈ શકાય છે. પરંતુ પચાવી શકાતા નથી. હરામનો પૈસો હરામીમાં જાય છે. ઘરઘરમાં ઝગડા, શરીરમાં રોગો તથા ડીપ્રેશનનો ભોગ બનાવે છે. અનિતિને વેડમી ખાવા કરતાં નીતિનો લુખ્ખો રોટલો નિરોગી શરીર અને શાંત મનની ભેટ આપશે.. બેસતા મહિના નિમિત્તે ગૌતમ સ્વામીનો રાસ વાંચીને મંગલ કરવામાં આવેલ હતું.

પંન્યાસ રાજરક્ષિત વિજયજી તથા મુનિ નયરક્ષિત વિજયજી તા. ૧૫ જૂન દાદર તથા ૧૬-૧૭ જૂન નવજીવન સૌ મુંબઈ સેન્ટ્રલ રોકાણ કરશે.

# નાંણી ગામે શાળા પ્રવેશોત્સવ નિમિત્તે બાળકોને તિથિભોજન




પ્રતિનિધિ જેનાલ

લાખણી તાલુકાના નાંણી ગામે ગતરોજ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો હતો. જે પ્રસંગે ચરમટા નરસિંહભાઈ ગોપાળભાઈ દ્વારા શાળાના ૩૫૦ બાળકોને તિથિભોજન આપવામાં આવ્યું હતું. જે બદલ શાળાના આચાર્યએ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ગોઢ માધ્યમિક શાળામાં પ્રવેશ મહોત્સવ કાર્યક્રમ યોજાયો




પ્રતીનિધિ દાંતીવાડા

ગોઢ તેમજ મોટી મહુડી ગામે ડૉ.શ્યામ વર્ગીસ (ડેપ્યુડી ડાયરેક્ટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન ગાંધીનગર) ના અધ્યક્ષ સ્થાને કન્યા કેળવણી અને પ્રવેશ મહોત્સવ ૨૦૧૮,૧૯ ઉજવવામાં આવ્યો હતો આ પ્રસંગે ડૉ.વર્ગીસે જણાવ્યું હતું કે દીકરી બે ઘર તારે છે જેથી બાળકીઓને ભણાવવા ઉપર ભાર મુક્યો હતો અને બાળકોને. સ્નાતક સુધી ભણાવવા જણાવેલ બાલીકાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ અને શૈક્ષણીક કીટ આપી અને તીલક કરાવી પ્રવેશ આપ્યો હતો

આ પ્રસંગે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ભરતભાઈ ચૌધરી, જીગરભાઈ જોષી સરપંચ અલ્પેશભાઈ ઠાકોર, ડાયાભાઈ ચૌધરી તેમજ ગ્રામજનો હાજર રહેલ.

# રાજ્ય કક્ષાની સ્કેટિંગ સ્પર્ધામાં વડોદરા ઝળક્યુ




વડોદરા

અમદાવાદમાં રાજ્ય કક્ષાની બે દિવસીય સ્કેટિંગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિવિધ શહેરોના ૪૦૦ સ્કેટરોએ ભાગ લીધો હતો. જેમાં બરોડા ડિસ્ટ્રીક્ટ રોલર સ્કેટિંગ એસોસિએશનના ફાળે ૧૨ ગોલ્ડ , ૮ સિલ્વર અને ૧૨ બ્રોન્ઝ મળી કુલ ૩૨ મેડલ સહિત ૪ ઓવર ઓલ ટ્રોફી હાંસલ કરી છે.

# જેગોલ બી.સી.માધ્યમિક શાળા ખાતે પ્રવેશ મહોત્સવ યોજાયો




પ્રતીનિધિ દાંતીવાડા

દાંતીવાડા તાલુકાના જેગોલ મુકામે બી.સી. માધ્યમિક શાળા ખાતે પ્રવેશ મહોત્સવ તેમજ કન્યા કેળવણી મહોત્સવ યોજવામાં આવ્યો ધો-૯ ના બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો સરકાર દ્વારા ૨૦૦૨/૦૩ થી પ્રાથમિક શાળામાં પ્રવેશ મહોત્સવ ચાલુ કરેલ જેનાથી શાળાઓમાં ડ્રોપ આઉપ રસીયો ઘટયો હોવાથી હાલમાં આ વર્ષેથી માધ્યમિક શાળાના ધો-૯ ના બાળકોને પ્રવેશ મહોત્સવ ઉજવવાનું કરેલ છે જેના થકી આગામી દિવસોમાં સફળ થશે તેમ તાલુકા ભાજપ પ્રમુખ નટુભાઈએ જણાવ્યું હતું આ પ્રસંગે ધો-૯ ની બાલીકાઓને સાયકલ વિતરણ કરવામાં આવી હતી ધો-૧-૮ માં ૧ થી ૩ નંબર વાળા બોળકોને ઈનામ આપવામાં આવ્યા હતા બાલીકાઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી

આ પ્રસંગે અધ્યક્ષ સ્થાને જિલ્લા પંચાયત પ્રમુખ પીનાબેન ધાડીયા જિલ્લા સદસ્ય જયંતિભાઈ વાઘણીયા તાલુકા સદસ્ય સરદારભાઈ ભટોળ સરપંચ સુરેશભાઈ જેગોડા બી આરસી હરેશભાઈ દરજી પ્રા. શાળાના આચાર્ય વિષ્ણુભાઈ તેમજ ગ્રામજનો બહોળી સંખ્યામાં હાજર રહેલ.

# અમીરગઢ તાલુકાની રબારણ પ્રાથમિક શાળામાં સચિવ મીલીંદ તોરવણેના હસ્તે બાળકોને શાળામાં પ્રવેશ અપાયા

પાલનપુર

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૧૮ પ્રસંગે અમીરગઢ તાલુકાની રબારણ પ્રાથમિક શાળામાં નાંણા વિભાગ(ખર્ચ)ના સચિવ મીલીંદ તોરવણેના હસ્તે બાળકોને શાળામાં પ્રવેશ અપાવી ઉજ્જવળ અને સુખમય ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે સચિવ મીલીંદ તોરવણે જણાવ્યું કે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ અભિયાનના લીધે ડ્રોપઆઉટ રેશિયો ઘટ્યો છે અને બાળકો શાળાએ આવતા થયા છે તથા શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. આ પ્રસંગે સચિવના હસ્તે શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તેજસ્વી વિધાર્થીઓનું સન્માન, દિકરીઓને વિધાલક્ષ્મી બોન્ડનું વિતરણ, યોગનિદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરપંચ નવાભાઈ વાંસીયા, અગ્રણી માનાભાઈ વાંસીયા, સી.આર.સી. દવેન્દ્ર પંચાલ, અધિકારીઓ, શિક્ષકો સહિત વિશાળ સંખ્યાસમાં બાળકો અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસા તાલુકાના આસેડા પંથકમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી




પ્રતિનિધિ આસેડા

ગતરોજ કમલકુમાર ઓઝા (આઈ.પી.એસ. અધિક પોલીસ મહાનિર્દેશક ટ્રેઈની) એ આસેડા, નવા ધરપડા સહિત પ્રાથમિક શાળાઓમાં બાળકોને ધો- ૧ માં પ્રવેશ અપાવી ઉજ્જવળ અને સુખમય ભવિષ્યની શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે સુથાર મફાભાઈ દાંનાભાઈ તરફથી આસેડા ગામના બાળકોને થેલા, ચોપડા આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે આચાર્ય જીતુભાઈ પંચાલ સહિત શિક્ષકો મોટી સંખ્યામાં ગામ લોકો હાજર રહ્યા હતા. દાતા મફાભાઈ દાંનાભાઈ તથા તેમના પુત્ર દશરથભાઈનું ગ્રામ પંચાયતના સભ્ય હસ્તે સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સરસ્વતી વિદ્યાલયમાં વૃક્ષારોપણ યોજાયો હતો.

# થરાદના જમડામાં રામજીમંદીરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે શોભાયાત્રા યોજાઈ

## ગ્રામિણ માર્ગો પર કેશરીયા સાફાધારી યુવકોએ તલવારબાજીના હેરતભર્યા પ્રયોગો કર્યા




થરાદ

જમડામાં યોજાઈ રહેલા રામજીમંદીરના ત્રિદીવસીય મહામહોત્સવ પ્રસંગે શુક્રવારે ગામના માર્ગો પર ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. જેમાં કેશરીયાસાફા ધારી યુવકોએ તલવાર બાજીના હેરતભર્યા પ્રયોગો રજુ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. શોભાયાત્રામાં વાહનો સાથે આખુ ગામ જોડાયું હતું.

થરાદના જમડામાં સમસ્ત જમડા ગામના ગ્રામજનોએ ગામના ચોરે ભવ્ય રામજી મંદિર બનાવતાં તેના ત્રિદિવસીય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવનો ગુરુવારથી પ્રારંભ થયો હતો. જેમાં શુક્રવારે ગામના રાજમાર્ગો પર રામ, લક્ષ્મણ,જાનકી અને હનુમાનજીની મુર્તીઓ સાથે લાઈવ ડીજેના સથવારે ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. જે ગામના ચોરેથી ગામના મુખ્ય માર્ગોથી નિજમંદીરે પરત ફરી હતી.

શોભાયાત્રામાં ગામના તમામ ટ્રેક્ટરો તથા જીપ અને મોટરસાયકલ પર તમામ ગ્રામજનો અને રાજપુત સમાજના યુવકો સફેદ વસ્ત્રો અને કેશરીયા સાફા ધારણ કરી જોડાયા હતા. ભગવાનના જયઘોષ અને અબિલ ગુલાલની છોળો વચ્ચે ગામ ગુંજી ઉઠ્યું હતું.આ પ્રસંગે તેમણે તલવારબાજીના હેરતભર્યા પ્રયોગો રજુ કરી સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે બહોળી સંખ્યામાં તમામ સમાજના ભાઈબહેનો જોડાયા હતા.

# ઉદયપુરા (મકડાલા) પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યકરમ ઉજવાયો




પ્રતીનિધિ લવાણા

ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય અને રાજય સરકારના ચાલતાં સર્વશિક્ષા અભિયાન મિશન દ્વારા દેશમાં શિક્ષણક્ષેત્રે ખુબ જ વિકાસ થયો છે.સર્વશિક્ષા અભિયાન મિશનના મુખ્ય ત્રણ ધ્યેયો છે.નામાંકન,સ્થાયીકરણ અને ગુણવતાસભર શિક્ષણ.દર વર્ષે આપણા સ્વર્ણિમ ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવે છે.પ્રાથમિક શિક્ષણમાં ૧૦૦% નામાંકન અને કન્યા કેળવણીના ધ્યેયને સિધ્ધ કરવા માટે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીનો પરીણામલક્ષી કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે.તેના ભાગરુપે દિયોદર તાલુકાના મકડાલા ગામે આવેલ ઉદયપુરા પ્રાથમિક શાળામાં શુક્રવારના દિવસે દિયોદર પ્રાંત ઓફિસર એ ડી ચૌહાણની અધ્યક્ષસ્થાને દિપ પ્રાગ્ટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો.જેમાં મકડાલા પ્રાથમિક શાળા વણસોરપુરા પ્રાથમિક શાળા તેમજ ઉદયપુરા અને અંગવાડી ના નવિન પ્રવેશધારણ કરનાર બાળકોને કુમકુમ તિલક તેમજ દાતાઓના હસ્તે ,સુખડી,સ્કૂલ બેગ આપી સાળા માં પ્રવેશ અપાવ્યો હતો.

આ પ્રસંગે દિયોદર પ્રાંત ઓફિસર એ ડી ચૌહાણ જિલ્લા પંચાયત સદસ્ય ડો. હસુભાઈ પટેલ તાલુકા પંચાયય સદસ્ય છગનભાઈ ઉમોટ મકડાલા પ્રાથમિક શાળા ના પ્રિન્સિપાલ વિકટરભાઈ એસ નિનામા વણસોરપુરા પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ નેમાભાઈ જે ઉમોટ ઉદયપુરા પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ હમીરભાઈ બી ગોહિલ મકડાલા ગામના સરપંચ હમીરભાઈ પટેલ સહિત ગ્રામજનો બાળકો ત્રણે સાળા સ્ટાફગણ અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

# જાસનવાડામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ યોજાયો

જાસનવાડા

જાસનવાડા નવા પ્રાથમિક શાળામાં એ.એસ.ડામોરના અધ્યક્ષ સ્થાને શાળા અને પ્રવેશોત્સવ કન્યા કેળવણી કાર્યક્રમ યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં ધો.૧ ના નાના ભૂલકાઓને સ્કુલબેગ આપી શાળામાં પ્રવેશ આપવામાં આવેલ. તેમજ આ કાર્યક્રમમાં કન્યા કેળવણી અંગે મહેમાનો દ્વારા સુંદર પ્રવચન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં અંબિકાબેન બંકર સી.આર.સી. સુથાર્નેસડી, મુકેશભાઈ દીન્ની સી.આર.સી. રૂની, ગામના યુવાન અને ઉત્સાહી યુવાન અને ઉત્સાહી એડવોકેટ દશરથભાઈ વ્યાસ ગામના અગ્રણી વાઘજીભાઈ પટેલ, ઉકાભાઈ પટેલ તેમજ ગ્રામજનો હાજર રહેલ. તેમજ આ કાર્યક્રમનું સુંદર આયોજન શાળા પરિવાર તરફથી કરવામાં આવેલ હતું.

# કાંકરેજ તાલુકાના ભાવનગર પ્રા.શાળા ખાતે કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવ યોજાયો




તા પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના ભાવનગર પ્રા.શાળા ખાતે થરા કાંકરેજના આચાર્ય ગઢવીના અધ્યક્ષ સ્થાને શાળા પ્રવેશોત્સવ યોજાઈ ગયો. શાળાના બાળકોને શૈક્ષણિક કીટ આપવામાં આવી. આચાર્ય ચેહરાભાઈ ગજ્જરે સૌનું શાબ્દિક સ્વાગત કર્યું.આ પ્રસંગે બેચરભાઈ પરમાર, બાબુભાઈ ચૌધરી, દેવરાજભાઈ ચૌધરી, પ્રકાશભાઈ ચૌધરી તથા ગ્રામજનો-વાલીઓ-શાળા સ્ટાફ પરિવાર હાજર રહેલ કાર્યક્રમની આભારવિધિ ડી.આર. ઓઝાએ કરેલ.

# નવલપુરા- પ્રા.શાળામાં કન્યા કેળવણી તથા શાળા પ્રવેશોત્સવ મહોત્સવ યોજાયો



ડીસા

ડીસા તાલુકાની નવલપુરા પ્રાથમિક શાળા - તથા વડાલી ફાર્મ પ્રા.શાળામાં કન્યા કેળવણી તથા શાળા પ્રવેશોત્સવ મહોત્સવનું આયોજન ટી.ડી.ઓ ગઢવી એમ.એસ.ના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. જેમાં આવેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત શાળાના આચાર્ય ચંદુભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવેલ. તેમજ આવેલા મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો.

આ પ્રસંગે ધોરણ એકમાં નવીન બાળકોને કંકુ તિલક કરી મોં મીઠુ કરાવી દફતર- પાટી- પેન- પુસ્તક એમ.એસ. ગઢવી(ટી.ડી.ઓ.) દફતર કીટના દાતા ઈશ્વરભાઈ માળી, સ્વ. કાન્તીલાલ મણીલાલ ભેંડા (ભૂ.પૂ.આચાર્ય ઝેરડા પ્રા. શાળા), ચંદુભાઈ એ.ટી. ડી. (રાષ્ટ્રીય પારિતોષિક ચિત્ર શિક્ષક) મનીષભાઈ ભેંડાના હસ્તે આપવામાં આવેલ. આ પ્રસંગે આંગણવાડીના બાળકોને પણ રમકડાની કીટ આપી પ્રવેશ અપાયો હતો. આ પ્રસંગે સી. આર.સી. કો.ઓ. જીતેન્દ્રભાઈ દરજીએ નાના ભૂલકાઓ પ્રાથમિક કક્ષાએ સુંદર શિક્ષણ મેળવી આગળ વધે તેવી શુભેચ્છા પાઠવી આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સોલંકી લક્ષ્મણભાઈ, પટેલ યોગીતાબેન, શાળા પરિવાર તથા ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## જમ્મુ-કાશ્મીરમાં...

પાના નં.૧ ચાલુ

આવી હતી. બીએસએફએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. પાકિસ્તાન તરફથી સતત યુદ્ધવિરામનો ભંગ કરી ગોળીબારનો સીલસીલો જારી રહ્યો છે. અટારી અને વાઘા સરહદ ઉપર હાલના ગોળીબારની અસર જોવા મળી હતી. બીએસએફના જવાનો અને પાકિસ્તાની જવાનો વચ્ચે મીઠાઈઓની આપ-લે કરવામાં આવી ન હતી. રમઝાન બાદ ઓપરેશનને લઈને હજુ સુધી કોઇ નિર્ણય કરાયો નથી. ગૃહમંત્રાલયના સુત્રોનું કહેવું છે કે, અમરનાથ યાત્રા દરમિયાન શ્રદ્ધાળુઓને કોઇપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે પગલા લેવાઈ રહ્યા છે. એવા અહેવાલ મળ્યા છે કે, અમરનાથ યાત્રા દરમિયાન દહેશત ફેલાવવાના હેતુથી ત્રાસવાદીઓ શ્રદ્ધાળુઓ અને સુરક્ષા દળો ઉપર બોંબથી હુમલા કરી શકે છે.રમઝાનના યુદ્ધવિરામના ગાળા દરમિયાન ત્રણ ડઝનથી વધુ લોકોને ત્રાસવાદીઓ મોતને ઘાટ ઉતારી ચુક્યા છે. શ્રીનગરમાં જુદી જુદી જગ્યાઓએ ૧૮ ગ્રેનેડો ઝીંકવામાં આવ્યા છે જેમાં ૨૪થી વધુ લોકોના મોત થયા છે. આ વર્ષે જાન્યુઆરીથી હજુ સુધી ૧૪૩ લોકોના મોત થયા છે. જેમાં ૩૭ નાગરિકોનો સમાવેશ થાય છે. ૩૩ સુરક્ષા જવાનો પણ શહીદ થયા છે. ૧૪૩ પૈકી ત્રણ ડઝન લોકોના મોત રમઝાન દરમિયાન થયા છે . સરહદે પાકિસ્તાને નાપાક હરકત જારી રાખી છે. પાકિસ્તાન તરફથી અવિરતપણે સરહદ ઉપર ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. બીજી બાજુ આતંકવાદીઓ દ્વારા ઘુસણખોરી પણ સતત કરવામાં આવી રહી છે. પ્રયાસો છતાં સીઆરપીએફના એક હેડકોન્સ્ટેબલ, જમ્મુ-કાશ્મીર પોલીસના એસએચઓ સહિત કુલ પાંચ લોકો ઘાયલ થયા હતા.

## કેશોદ, જુનાગઢ,..

પાના નં.૧ ચાલુ

શક્યું નથી. આજે મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો હતો અને મહત્તમ તાપમાન ૪૦.૫ ડિગ્રી અમદાવાદમાં રહ્યું હતું. આજે મોટા ભાગના વિસ્તારોમાં પારો ૪૦થી નીચે રહ્યો હતો. આંશિક વાદળછાયું વાતાવરણ અને પવનના પરિણામ સ્વરૂપે કાળઝાળ ગરમીથી લોકોને હવે રાહત મળી છે. આવતીકાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧ની આસપાસ રહી શકે છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આજે પ્રમાણમાં ઓછી ગરમીનો અનુભવ થયો હતો. અમદાવાદમાં પણ સવારે હવામાનમાં પલ્ટો આવ્યો હતો. હળવા વરસાદી ઝાપટાની આગાહી તંત્ર દ્વારા અકબંધ રાખવામાં આવી છે. ગરમીના પ્રમાણ વચ્ચે તંત્ર દ્વારા વિવિધ પગલાં લેવામાં આવ્યા હોવા છતાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગના કેસ પણ વધ્યા છે. પાણીજન્ય કેસની વાત કરવામાં આવે તો જૂન મહિનાના પ્રથમ નવ દિવસના ગાળામાં જ ઝાડા ઉલ્ટીના ૩૭૪ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે કમળાના નવ દિવસના ગાળામાં ૧૩૯ અને ટાઈફોઈડના ૧૩૬ કેસ સપાટી ઉપર આવ્યા છે. બીજી બાજુ મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો સાદા મેલેરિયાના નવ દિવસના ગાળામાં ૧૪૭ કેસ નોંધાયા છે. વર્ષ ૨૦૧૭માં જૂન મહિનામાં સાદા મેલેરિયાના ૧૦૪૬ કેસ નોંધાયા હતા.

## મોદીને રોકવા ..

પાના નં.૧ ચાલુ

રચના કરવામાં આવી છે તેવી જ રીતે અહીં પણ મહાગઠબંધન બનાવવાની યોજના છે. રાહુલ ગાંધીના નેતૃત્વમાં પાર્ટી દ્વારા વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી માટે અન્ય રાજકીય પક્ષો સાથે બેઠકોની વહેંચણી મુદ્દે બ્લુ પ્રિન્ટ તૈયાર કરવનામાં આવી રહી છે. એકે એન્ટોનીના નેતૃત્વમાં કમિટી દ્વારા ૨૦૧૯ની ચૂંટણી માટે રૂપરેખા તૈયાર કરવામાં આવી છે. એકે એન્ટોનીની કમિટી જિલ્લા અને અન્યત્ર કોંગ્રેસના લોકો પાસેથી સૂચનો મેળવી રહી છે. પાર્ટીની સામે રહેલા પડકારો અને દેશના લોકોની અપેક્ષાઓને લઈને માહિતી એકત્ર કરવામાં આવ રહી છે. કમિટી ૨૦૧૯ની યોજના તમામ બાબતો પર વિચારણા કર્યા બાદ જ જાહેર કરશે. જેમાં જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના હોદ્દેદારો સાથે વ્યાપક વાતચીત કરવામાં આવશે. રાહુલ ગાંધી પણ વાતચીતના હિસ્સા તરીકે રહી શકે છે. પાર્ટીના એક વર્ગના લોકો માની રહ્યા છે કે કોંગ્રેસને ૨૦૧૯ની ચૂંટણી ઓછી સીટો ઉપર લડવી જોઈએ. ક્ષેત્રિય પક્ષોમાં વધારે પ્રતિનિધિત્વ આપી શકાય છે. આવી સ્થિતિમાં મહાગઠબંધન વધુ મજબૂત બની શકે છે. અત્રે નોંધનિય છે કે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીની હાલત કફોડી રહી હતી. ૨૦૧૪ લોકસભા ચૂંટણીમાં માત્ર ૪૪ સીટો મળી હતી. મોદી લહેર વચ્ચે કોંગ્રેસ પાર્ટનો સફાયો થયો હતો. ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાત જેવા મોટા રાજ્યોમાં કોંગ્રેસ વધુ ધ્યાન કેન્દ્રિત કરનાર છે.

## ત્રિપુરા સહિતના..

પાના નં.૧ ચાલુ

નદીઓ ભયજનક સ્તરથી ઉપર પહોંચી ચુકી છે. ભેખડો ધસી પડવાના અનેક બનાવો બન્યા છે. કારણે વાહન વ્યવહારને માઠી અસર થઈ છે. ત્રિપુરાના મુખ્યમંત્રી બિપ્લવ દેવે રાજ્યના અનેક વિસ્તારોમાં પરિસ્થિતિની માહિતી મેળવવા હવાઈ નિરીક્ષણ કર્યું છે. નિચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી લેવામાં આવ્યા છે. ગુવાહાટીથી પ્રાપ્ત અહેવાલ મુજબ આસામમાં પણ હાલત કફોડી બનેલી છે. ઉત્તરપૂર્વીય પુરના લીધે ત્રિપુરા અને આસામના જુદા જુદા ભાગોમાં રેલ સેવા ખોરવાઈ ગઈ છે. નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલવે દ્વારા આસામના લુમડીંગ-બાદરપુર હિલ સેક્શનમાં ભારે વરસાદના લીધે અનેક ટ્રેનો રદ કરી દીધી છે. બારક ખીણમાં પુરની સ્થિતિ વણસી ગઈ છે. બારક ખીણ બાંગ્લાદેશની સરહદ ઉપર સ્થિત છે. સ્ટેટ આઈલેન્ડ વોટર ટ્રાન્સપોર્ટ વિભાગનું કહેવું છે કે, તમામ મોટી નદીઓમાં પાણીની સપાટી વધવાના લીધે ફેરી સેવા બંધ કરી દેવામાં આવી છે. નિચાણવાળા વિસ્તારો જળબંબાકાર થઇ ગયા છે. દેશના જુદા જુદા ભાગોમાં મોનસુનની એન્ટ્રી હવે ઝડપથી થઇ રહી છે. બોકાહાટ સબડિવિઝનમાં ભારે વરસાદ બાદ નેશનલ હાઈવે ૩૭ ઉપર પુરના પાણી ફરી વળ્યા છે. આસામના ગોલાઘાટ જિલ્લામાં હાલત કફોડી બનેલી છે. ગુવાહાટી ડિવિઝનમાં પાણીની સપાટી નદીઓમાં વધી રહી છે. આસામના કરીમગંજ જિલ્લામાં પુરગ્રસ્ત લોકોને નૌકાઓ મારફતે સુરક્ષિત ખસેડવામાં આવી રહ્યા છે. જુદા જુદા વિસ્તારમાં ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. જે ટ્રેનોને રદ કરવામાં આવી છે તેમાં સિલ્ચર ફાસ્ટ પેસેન્જરનો સમાવેશ થાય છે. જો કે, અસરગ્રસ્ત સેક્શનની ઉપર કોઈપણ પેસેન્જર ટ્રેન સેવા ખોરવાઈ નથી. આસામમાં પુરના કારણે કેટલું નુકસાન થયું છે તે અંગે હજુ આંકડા એકત્રિત કરવામાં આવ્યા નથી પરંતુ અધિકારીઓ બચાવ અને રાહત કામગીરી ઉપર નજર રાખી રહ્યા છે.

## વડગામમાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ પ્રસંગે યોજાયેલ સ્નેહમિલન કાર્યક્રમમાં સરપંચ ભગવાનસિંહ સોલંકી, બાવન આંટા રાજપુત સમાજના યુવા કાર્યકર નાથુજી એમ.સોલંકી, બાલકૃષ્ણ જીરાલા, ગામના અગ્રણીઓ, વેપારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## નાની ભાખરમાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ ગુમાનસિંહજી વાઘેલા, પૂર્વ ધારાસભ્ય (વાગડોદ) ચમનજી ઠાકોર સહિત અનેક આગેવાનો હાજર રહ્યા હતા. જેમણે પ્રાસંગિક પ્રવચનોમાં સમાજની એકતા અને વિકાસ ઉપર ભાર મુકી તે મુદ્દે ચર્ચા- વિચારણા કરી હતી. સમાજ દ્વારા આ પ્રસંગે બાળાઓના ભણતર માટે મોટો ફાળો પણ એકત્ર કરાયો હતો.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૪૦૫૦૦-૪૧૦૦૦**
રૂપુ કાચું ૪૦૫૦૦-૪૧૦૦૦
સોનુ તોલો ૩૨૦૦૦-૩૨૪૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૨૧૦**
પામોલીન ૧૨૦૦
સોયા રીફાઈન ૧૪૪૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૪૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૭૦-૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.૧૩૮૦
**સીગતેલ ૫ લી. ૪૫૦-૪૫૫**
તિરૂપતી કપા. ૧૩૫૦
૫ લીટર ૪૬૦
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફલાય ૧૩૧૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૪૦૫
૨ લી. ૧૬૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૪૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૪૫૦-૩૫૦૦**
**ખાંડ એમ. ૩૫૫૦**
ખાંડએલ. ૩૬૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૪૦૦
જીરાળુ ૧૫૦૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૧૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા. ૫૭૦
**પરચુરણ**
સોજી ૮૦૦
મેંદો ૭૮૦
શ્રીફળ એમ. ૧૪૨૫
નિરમા સાબ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૨૦૦
ખાંડ બુરૂ ૩૫૦૦
કોકમ ફુલ ૧૫૦
એલચી ૯૦૦-૧૦૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૦૦-૨૦૦
સુકી ડુંગળી ૧૮૦-૨૨૦
લસણ ૫૦૦-૬૦૦
ધાણા ૫૦૦-૮૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૭૦૦-૮૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૫-૯૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૩૪૦-૪૦૦
**ભીંડા ૨૮૦-૩૦૦**
કોબી ૧૪૦-૧૬૦
વટાણા ૧૦૦૦-૧૪૦૦
ટીંડસા ૫૦૦-૮૦૦
ગવાર ૬૦૦-૯૦૦
બાદશાહ બટાકા ૩૪૦-૪૦૦
**સાંગા બટાકા ૨૪૦- ૨૬૦**

## રાજયના મહીલા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ટ્રાફિક સમસ્યા હલ કરવાં બાયપાસ રસ્તાની જોગવાઇ, તથા અંબાજીનાં જોવા લાયક ધાર્મીક સ્થળો માટે સર્ક્યુલર રૂટ શરૂ કરવાની સાથે ગબ્બરગઢ ઉપર થતી આરતી-દર્શન નીચે તલેટીમાંથી જ કરી શકાય તે માટે એલ.ઇ.ડી સ્કીન મુકવાનાં નિર્ણયો આજની બેઠકમાં લેવાયા હતા. જોકે અંબાજી મંદિર પરીસર ની સફાઇ સાથે અંબાજી શહેર માં પણ સફાઇ અને સ્વચ્છતાં જળવાય તે માટે કડક સુચનો કર્યા હતા. જોકે આ વખતે અંબાજી ખાતે ભરાનાર ભાદરવી પુનમ નાં મેળા માં પાણી નાં પાઉચ નહી મળે તે માટે પણ કડક નિર્ણય લેવાયો છે. અને અંબાજી પ્લાસ્ટીક મુક્ત બને તે માટે સ્થાનિક લોકો તથા યાત્રીકો ને આ પ્લાસ્ટીક મુક્ત અભીયાન માં જોડાવવાં મહિલા અને બાળ વિકાસ તથા યાત્રાધામ વિકાસ પ્રધાન વિભાવરીબેન દવે એઅપીલ પણ કરાઇ હતી.

## બનાસકાંઠા બક્ષી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ પ્રસંગે નરેશભાઈ ટાંક (મહામંત્રી), નિલેષભાઈ મોદી(મહામંત્રી), અચરતભાઈ ઠક્કર, પૃથ્વીરાજસિંહ વાઘેલા, મહામંત્રી કિશોર બી. પ્રજાપતિ, હંસપુરી ગૌસ્વામી, કનુભાઈ ઠક્કર, રાયમલભાઈ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા જિલ્લા બક્ષી મોરચાના ઉપપ્રમુખ ઈશ્વરભાઈ પટેલ, કપુરસિંહ પરમાર, જે.બી.માસ્ટર, જશવંતભાઈ રાવળ, ભવાનભાઈ પ્રજાપતિ, પરસોતમભાઈ જોષી તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

## ધી થરા વિભાગ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

હોદેદારો તેમજ સભાસદો દ્વારા ફુલહાર, શાલ, સાફો, તલવાર આપી સન્માન કરવામાં આવ્યુ હતુ.

આ સાધારણ સભામાં કાંકરેજના ધારાસભ્ય કિત'સિંહ પી. વાઘેલા, મંડળીના ચેરમેન અરવિંદભાઇ ઠક્કર, વા.ચેરમેન ઈશ્વરલાલ ઠક્કર, મેને.ડીરેકટર અચરતલાલ ઠક્કર, સર્વે ડીરેકટર હિરાભાઇ જોષી, અનિલભાઇ સોની, પ્રતાપભાઇ ઠક્કર, કિશોરભાઇ ઠક્કર, નરેશભાઇ સાયતા, મનુભાઇ આચાર્ય, આંતરીક ઓડીટર્સ દલપતભાઇ દરજી, મંડળીના મેનેજર તરુણભાઇ ઠક્કર, હરદાસભાઇ દેસાઇ, રાજુભાઇ ઠક્કર, ભરતભાઇ સોની, જીતુભાઇ ઠક્કર તેમજ મંડળીના સભાસદોમાં શિક્ષણવિદ નિરંજનભાઇ ઠક્કર, પરસોત મભાઈ, પ્રહલાદભાઇ ઠક્કર, દિનેશભાઇ સોની, વિજયભાઇ ટેસ્ટી, ભારતીય જનતા પાર્ટી, કાંકરેજના મહામંત્રી કિશોરભાઇ બી. પ્રજાપતી, નટવર કે.પ્રજાપતિ, કનુભાઇ ઠક્કર, દિનેશભાઇ જોષી, નિરંજનભાઇ ઠક્કર, રાજુભાઇ(લાટી) ઠક્કર, દિલીપભાઇ ઠક્કર, જયંતીભાઇ નાઇ તેમજ સભાસદ મિત્રો ઉપસ્થિત રહેલ.

આ સભામા આભારવિધી મંડળીના ડીરેકટર પ્રતાપભાઇ ઠક્કરે કરી હતી.અને તમામનો આભાર માન્યો હતો.

## ડીસામાં હર્ષોલ્લાસભેર...

પાના નં.૮ ચાલુ

ઈદ- મુબારકબાદી પાઠવી ખુશી વ્યક્ત કરી હતી. રીસાલા મસ્જીદ ખાતે મૌલાના અ-હન્નાન (મુનાવાળા) એ નમાઝ પઢાવી હતી. જ્યારે ટાટવાળી મસ્જીદમાં હાફીઝ શકીઊલ્લાહે ઈદની નમાઝ અદા કરાવી હતી. ડીસામાં ત્રણેય સ્થળોએ રમજાન ઈદની નમાઝ મુસ્લિમોએ પઢી ઈદની ખુશી વ્યક્ત કરી હતી. હિન્દુ આગેવાનો અને યુવાનોએ પણ મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારકબાદી પાઠવી ખીર-સેવૈયાની જયાફત માણી હતી.

## ભાભરના ઈન્દરવા...

પાના નં.૮ ચાલુ

સામાન વેર- વિખેર પડેલો જોઈ ગભરાઈ જતાં ચોરી થયાની જાણ થતાં ઈન્દરવા જુના ગામે ચકચાર મચી જવા પામી હતી. ખેડુત પરિવારના ઘરે રૂા. ૫.૫૦ લાખની ચોરી ઘટનાની જાણ ભાભર પોલીસને કરવામાં આવી હતી. પોલીસે અજાણ્યા ઈસમો સામે ચોરીની ઘટનાની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ધાનેરા નજીક...

પાના નં.૮ ચાલુ

૧૦ કલાકે ઉપડી ધાનેરા અથવા ડીસા તથા સાંજે ધાનેરાથી ૫/૧૫ વાગે ઉપડી સુંથિયા ૫/૪૫ કલાકે પહોંચે તે રીતે બસ ચાલુ કરવા માંગણી કરાઈ છે.

સુજાભાઈ પ્રજાપતિ એડવોકેટ દ્વારા જણાવેલ કે છેલ્લા ૧૦ વર્ષથી બસ સુવિધાથી- ચોરા- સુંથીયા વંચિત છે. સરકારના આજના શિક્ષણ પ્રત્યેના અભિયાનમાં છોકરા છોકરીઓને ભણવા માટે બસ સુવિધા મળે તો સારૂં.

## થરાદની સર્વોદય...

પાના નં.૮ ચાલુ

વચ્ચોવચ્ચ કરવામાં આવેલા રેતી કપચીના ઢગલા ને કારણે આ રસ્તેથી પસાર થતા નગરની હાઈવે સ્થિત સોસાયટીના રાહદારીઓ અને વાહનચાલકો ભારે પરેશાની વેઠી રહ્યા છે. તેમાંય એક રસ્તાની વચ્ચે શટલ જીપો દ્વારા આડેધડ પાર્કિંગ કરી દેવાના કારણે મુશ્કેલીઓમાં વધારો થઈ રહ્યો છે. આ રસ્તા ઉપર જ હોસ્પિટલ અને રહેઠાણ ધરાવતા ભારતીય જનતા પાર્ટીના જિલ્લા માળખાના સદસ્ય સદસ્ય ડોક્ટર કમલેશભાઈ એન્જિનિયર આ અંગે વારંવાર પાલિકા તથા કોન્ટ્રાક્ટરનું ધ્યાન દોરી પડતી મુશ્કેલીઓ નિવારવા તાત્કાલિક કામ પૂર્ણ કરવાની રજૂઆત જિલ્લા કલેક્ટરને પણ કરી હતી. સાથે-સાથે બેફામ વાહનો ચલાવતા ચાલકોને નિયંત્રણમાં લેવા માટે ફાઈબરના સ્પીડબ્રેકર મુકવાની પણ માંગણી કરી હતી.જોકે રહીશોની વારંવાર માંગણી છતાં પણ કોઈ કાર્યવાહી હાથ ધરવામાં નહી આવતાં હાલાકી ભોગવતા રહીશોએ આંદોલન છેડવાની તજવીજ પણ હાથ ધરી હતી.આ અંગે જાગૃત યુવક દશરથભાઈ દવેએ જણાવ્યું હતું કે આ અધુરા રોડના કારણે બે ચાર બાઈકચાલકો પડવાના પણ બનાવો બનવા પામ્યા છે.જો તંત્ર દ્વારા ત્વરાએ કામગીરી હાથ ધરવામાં નહી આવે તો પ્રાંત કચેરીમાં આવેદનપત્ર અને ભુખ હડતાળ પણ કરવામાં આવશે.

## રાજસ્થાનમાં પરણાવેલી...

પાના નં.૮ ચાલુ

કાઢી મુકી હતી આથી સવાર સુધી ઘરની બહાર બેસી રહી સવારે પિયરમાં ફોન આવીને તેડી ગયા હતા. જ્યાં પણ ગત ૬ જુનના રોજ આવેલાં ઉપરોક્ત ચારેય જણા-એ અપશબ્દો બોલી ગડદા પાટુનો માર મારી હવે સાસરે આવશે તો જીવતી પાછી નહી આવેની ધમકી આપીને જતાં રહ્યાં હતાં.જોકે તેમ છતાં પણ સામાજીક રાહે સમાધાનની રાહ જોયા બાદ કોઈ જવાબ નહી મળતાં આખરે થરાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.પોલીસે પતિ, સાસુ, સસરા તથા નણંદ સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# અમીરગઢમાં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો




પ્રતિ. અમીરગઢ

શ્રી અમીરગઢ આર.આર.વિદ્યાલય ખાતે ૫૪ બાળકોને શાળા પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ગુજરાત રાજયના ડેપ્યુટી કન્ઝરવેટર ઓફ ફોરેસ્ટ ગાંધીનગર શોભનાબેન અગ્રવાલ તથા આર.આર. વિદ્યાલયના આચાર્ય એચ.પી. વણકર પોપટલાલ અગ્રવાલ પવનભાઈ અગ્રવાલ ચીમનભાઈ મોઢ રાજેશભાઈ જી.પટેલ આચાર્યશ્રી, સી.આર.સી. અમીરગઢ તથા ગ્રામજનો અને પ્રા.શાળા અને હાઈસ્કુલના બાળકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આંગણવાડીના બાળકોને તથા અમીરગઢ ૨ શાળાના ધો.૧ ના બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

# ઉચારપી પ્રા શાળામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ યોજાયો

પ્રતીનીધી કંબોઈ

ઉચારપી પ્રા શાળામાં મફાજી સોલંકી પૂર્વ પ્રમુખ કાંકરેજ તા.પંચાયત ના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમનું આયોજન કરેલ. તેમાં ધો ૧ માં પ્રવેશ લેતા બાળકોને મીઠાઈ ખવરાવી કંકુતિલક કરી પેન બેગ ચોપડા આપી નવીન પ્રવેશ આપેલ અને મફાજી સોલંકી એ કન્યા ઓ ને વધુ ભણાવવા ઉપર ભાર મુક્યો હતો અને વાલી એ પણ બાળક કેવું ભણે છે નિયમિત શાળાએ જાય છે કે નહી કેવું ભણશે તે ખ્યાલ બાળકના વાલીએ પણ રાખવો જોઈએ. અત્યારે શિક્ષણનો સમય છે.તેથી દરેકે પોતાના દીકરા દીકરીને ભણાવવી જોઈએ આ કાર્યક્રમમાં મફાજી, પૂર્વ સોલંકી પ્રમુખ તા.પં. કાંકરેજ દિનેશભાઈ ઠક્કર, અધ્યક્ષ તાલુકા પંચાયત કાંકરેજ સંજય દેસાઈ સરપંચ ઉચારપી અને મોટી સંખ્યામાં ગામલોકો અને બાળકો ના વાલીઓએ હાજરી આપી હતી

# કાંકરેજ તાલુકામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ યોજાયા

પ્રતીનીધી કંબોઈ




તા ૧૪.૬.૨૦૧૮ અને તા ૧૫.૬.૨૦૧૮ ના રોજ કાંકરેજ તાલુકાના ખાસા .માનપુર. ચીમનગઢ .રતનગઢ. ઝાલમોર અને આ ગામોની પેટાશાળા ઓમાં પૂર્વ ચેરમેન આરોગ્ય સમિતિ બનાસકાંઠા જિલ્લો અને કાંકરેજ ના નોટરી એવા અશ્વિનભાઈ શાહ ના અધ્યક્ષ સ્થાને આ બેદીવસ ના કાર્યક્રમ યોજાયો હતો તેમાં ધો ૧ મા પ્રવેશ લેતા બાળકો ને આશીર્વાદ આવી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે તેવી શુભકામના ઓ આપવામાં આવેલ આ પ્રસંગે ઈશ્વરલાલ પટેલ પૂર્વ પ્રમુખ કાંકરેજ તા ભાજપ .રિયા પી.એચ.સી.ના ડૉ. યોગેશ પ્રજાપતિ .ભરતસિંહ ડાભી .યુવા કાર્યકર ભાજપ અને અન્ય મહાનુભવો એ હાજરી આપી હતી

# શિહોરીની એમ.વી.વાલાણી હાઈસ્કૂલમા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ યોજાયો




પ્રતીનીધી શિહોરી

કાંકરેજના મુકયમથક શિહોરી ખાતે આવેલ એમ.વી.વાલાણી હાઈસ્કૂલમા જી.એમ.ડી.સી.ના એમ.ડી તારા મેડમ સરના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો. તેમાં ધો ૯ માં પ્રવેશ લેતા વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી મો મીઠું કરાવી પ્રવેશ આપ્યો હતો ત્યારે બાળકોને ચોપડા અને પેન વિતરણ કરાયું હતું. ત્યાર પછી વૃક્ષા રોપણ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં ભારતસિંહ ભટેસરિયા મહામંત્રી બ.કાં. જિલ્લા ભાજપ .ઈશ્વરલાલ દેસાઈ ચેરમેન .સહકાર સમિતિ જિલ્લા પંચાયત બ.કાં. હંસપુરી ગોસ્વામી રાજસિંહ ડાભી અને મોતીસંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહયા હતા

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચય: ........................................................
સરનામુ : ........................................................
મોકલનારની સહી : ..............................................

## ઈલોલ-દાવડ રોડ પાસેની પાણીની લાઈનનું લીકેઝ બંધ કરવા માંગ

હિંમતનગર

હિંમતનગરના ઈલોલ - દાવડ રોડના કિનારે પસાર થતી ગંદા પાણીની પાઈપ લાઇનમાં લીકેઝ થવાથી ગંદા પાણીનું ખાબોચિયું ભરાઇ ગયું હોઇ પાઈપ લાઇનનું લીકેઝ શોધી તેને બંધ કરવા ગ્રામજનોએ માંગણી કરી છે. હિંમતનગરના ઈલોલથી દાવડ તરફ જતા હાઈવે રોડના કિનારે ગંદા પાણીનું વહન કરતી પાઈપ લાઇનમાં છેલ્લા ઘણા સમયથી લીકેઝ થયુ હોવાથી ગંદા પાણીનું ખાબોચિયું ભરાઇ ગયુ છે. પરિણામે ગંદકી અને મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. આ રસ્તેથી ઈલોલ ગામના ઘણા ગ્રામજનો પસાર થાય છે પરંતુ કોઇને આ લીકેઝ નજરે પડતુ નથી. પાઈપ લાઇનનુ લીકેઝ બંધ કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગણી છે.

## હિંમતનગરમાં મહિલાના ગળામાંથી સોનાની ચેન તોડી બાઈક ચાલક ફરાર

હિંમતનગર

હિંમતનગર બેરણ રોડ પરથી ગત રવિવારે રાત્રે પતિના એક્ટિવા પણ બેસી પસાર થનાર મહિલાના ગળામાંથી બાઈક પર આવેલા એક ચેન સ્નેચરે હાથમારી રૂા.૩૦ હજારની સોનાની ચેન તોડી ફરાર થઈ ગયો.ભોગ બનનાર મહિલાએ હિંમતનગર એ ડીવી ગત રવિવારે મોડી રાત્રે મામલો દર્જ કરાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.જાણવા મળતી વિગતો અનુસાર હિંમતનગર જલારામ સોસાયટી રહેતા તારાબેન રવિવારે રાત્રે પતિ જગદીશભાઈ પઢીયારના એકટીવા પર બેરણા માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે નંબર વગરના કાળા રંગના મોટર સાઈકલ પર આવેલા એક ચેન સ્નચરે તારાબેનના ગળા પર હાથ મારી રૂા.૩૦ હજારની મત્તાનો સોનાનો દોરો તોડી ભાગી છુટ્યો હતો. ઘટના બાદ એકટીવા પર પસાર થતું દંપતી હેબતાઈ ગયું હતું તારાબેને બૂમાબૂમ પરંતુ ચેન સ્નેચર રાત્રિના સમયે ફરાર થવામાં સફળ રહ્યો હતો. બાદમાં એ ડિવિઝન પોલીસ મથકે તારાબેને રવિવારે મોડીરાત્રે ફરિયાદ નોંધાવી હતી.

## ખેરાલુ પોલીસે ડભોડાથી ગુમ થયેલ કિશોરને ૨૪ કલાકમાં શોધી કાઢ્યો

મહેસાણા

ખેરાલુ તાલુકાના ડભોડામાં રહેતા અને સતલાસણા ગંજબજારમાં મજુરી કરતા ઠાકોર વિષ્ણુજી ગત સોમવારે સતલાસણા મજુરી કરવા ગયા હતા અને તેમની પત્નિ માનસિક અસ્થિર હોઈ ઘરે એકલા જ હતા. ત્યારે તેમનો ૧૧ વર્ષનો પુત્ર ભવાનજી ઘરેથી કોઈને કહ્યા વિના ક્યાંક ચાલ્યો ગયો હતો. પોલીસ સહિત પરિવારજનો તેને શોધી રહ્યાં હતા. ત્યારે ગત મંગળવારની સવારે આ કિશોર ખેરાલુની વૃંદાવન ચોકડી નજીક રખડતો મળી આવતાં તેને શોધી રહેલ પોલીસ કોન્સ્ટેબલ પોલીસ સ્ટાફે તેને પકડી પુછપરછ કરતાં તે ગુમસુદા ભવાનજી હોવાનું જાણવા મળ્યું હતું. બાદમાં પોલીસે કિશોરના પિતાનો સંપર્ક સાધતાં થઈ શક્યો ન હતો. આખરે તેમને વડનગર તાલુકાના છાબલીયામાં રહેતા કિશોરના પિતાનો સંપર્ક સાધતાં છાબલીયાથી ફતાજી તખાજી ઠાકોર ખેરાલુ પોલીસ સ્ટેશને દોડી આવ્યા હતા. તેમણે કિશોરની ઓળખ કરી હતી. બાદમાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી કિશોરને તેના મોસાળીયાને સોંપ્યો હતો. આમ ખેરાલુ પોલીસે ડભોડાથી ગુમ થયેલા કિશોરને ૨૪ કલાકમાં શોધી કાઢતાં કિશોર પરિવારજનોએ હાશકારો અનુભવ્યો હતો.

## આઈ.ટી.આઈ. બાલીસણા ખાતે પ્રવેશની ઓનલાઈન વ્યવસ્થા

પાટણ

ઔદ્યોગિક તાલીમ સંસ્થા બાલીસણા ખાતે ઓનલાઇન પ્રવેશ અંગેની કારગીરી શરુ છે. દરેક ઉમેદવારે સવારે ૧૦-૩૦ થી ૪-૩૦ કલાક દરમ્યાન સંસ્થા ખાતે રૂબરૂ આવી અને પ્રવેશ ફોર્મ અંગેનું માર્ગદર્શન મેળવવા તથા ઓનલાઇન પ્રવેશ ફોર્મ માટે સંપર્ક કરવા જણાવવામાં આવેલ છે. પ્રવેશ ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૨ જૂન ૨૦૧૮ છે. તેમ આઇ.ટી.આઇ.બાલીસણાના પ્રિન્સીપાલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## વિવિધ બજાર ભાવ

| | | | | |
|---|---|---|---|---|
| | ડીસા | | ઘઉં | ૩૧૮-૩૭૨ |
| ઘઉં | ૩૩૮ | | બાજરી | ૨૧૧-૨૬૦ |
| બાજરી | ૨૪૧-૨૬૭ | | ઈસ. | ૮૭૦ |
| રાજગરો | ૧૦૦૦-૧૧૪૪ | | ગવાર | ૬૭૦-૬૯૫ |
| મગફળી | ૭૦૦-૮૧૧ | | જુવાર | ૪૬૭-૮૦૦ |
| એરંડા | ૭૭૧-૭૮૨ | | બંટી | ૩૫૨ |
| રાયડો | ૭૦૫-૭૨૫ | | કુરી | ૩૦૦-૬૦૦ |
| | પાંથાવાડા | | રજકાબાજરી | ૩૦૦-૩૮૧ |
| બાજરી - | ૨૩૧/- | ૨૫૦/- | રજકો | ૧૨૦૦-૨૫૫૦ |
| ગવાર - | ૬૮૫/- | ૭૦૪/- | ચીકુડી | ૧૩૦૦-૧૫૨૫ |
| મેથી - | ૬૪૫/- | ૬૪૫/- | ગવાર | ૬૫૦-૭૧૦ |
| એરંડા- | ૭૬૫/- | ૭૯૦/- | | થરાદ |
| રાયડો - | ૭૨૫/- | ૭૨૫/- | એરંડા | ૭૬૫-૭૮૩ |
| મગફળી - | ૭૦૦/- | ૮૦૮/- | બાજરી | ૨૪૦-૨૬૭ |
| | થરા | | રાયડો | ૭૩૦-૭૫૫ |
| જીરૂ | ૨૨૦૦-૩૨૮૧ | | વરી. | ૧૧૫૪-૧૨૭૦ |
| એરંડા | ૭૬૫-૮૦૦ | | ગવાર | ૬૪૦-૬૮૧ |
| રાયડો | ૭૦૫-૭૨૧ | | સુવા | ૮૧૫-૯૫૫ |
| ગવાર | ૬૫૦-૬૬૦ | | મેથી | ૫૩૬-૭૩૬ |
| ઘઉં | ૩૨૧-૩૬૧ | | ચીકુડી | ૧૧૧૫-૧૫૦૫ |
| બાજરી | ૨૩૭-૨૭૧ | | ઈસ. | ૧૦૦૦-૧૪૩૦ |
| જુવાર | ૪૮૦-૮૬૫ | | અજમો | ૧૦૦૦-૧૯૦૦ |
| રજકો | ૧૭૦૦-૨૩૧૫ | | રજકો | ૧૭૦૦-૨૪૦૦ |
| | પાટણ | | જીરૂ | ૨૩૦૦-૩૧૫૦ |
| જીરૂ | ૧૬૫૧-૩૦૩૦ | | | રાહ |
| વરીયાળી | ૧૨૦૦-૧૭૧૭ | | રાયડો | ૭૨૦-૭૩૫ |
| મેથી | ૩૦૩-૪૮૧ | | એરંડા | ૭૭૦-૭૭૬ |
| સુવા | ૫૭૬-૯૯૦ | | બાજરી | ૨૩૦-૨૫૦ |
| રાયડો | ૬૫૦-૭૪૨ | | સુવા | ૮૫૦-૯૦૫ |
| એરંડા | ૭૬૫-૭૯૪ | | ચીકુડી | ૧૪૦૦-૧૫૭૫ |
| અજમો | ૧૦૫૧-૧૧૦૦ | | | |

## સરસ્વતી તાલુકાના કિમ્બુવા ગામે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ઉજવાયો



પાટણ

શિલ્યુલ કાસ્ટ વેલફેરના નિયામક કે.ડી.કાપડીયાએ પાટણ જિલલાના સરસ્વતી તાલુકાના કિમ્બુવા ગામે સ્થાનિક માધ્યમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના મુખ્ય મહેમાન પદેથી બોલતાં જણાવ્યું કે, શિક્ષણ એ માનવ જીવનની સૌથી મોટી ખુશનસીબી છે. શિક્ષણ વિના માનવ જીવન અધુરું અને અંધકારભર્યું બને છે. બાળકને શિક્ષણ આપવું એ પવિત્ર કાર્ય છે. ગુજરાતમાં ૧૬ વર્ષથી શાળા પ્રવેશોત્સવનો સમાજલક્ષી કાર્યક્રમ દર વર્ષે યોજાય છે. રાજય સરકાર પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માટે વિવિધ શિષ્યવૃત્તિઓ, પુસ્તકોઅને ગણવેશ આપે છે. પ્રાથમિક શાળાના બાળકોને ગણવેશ માટે રૂા.૯૦૦/- અપાય છે. ભણવા માટેની ઘણી પ્રોત્સાહક યોજનાઓ ગુજરાતમાં ચાલે છે. તેમ ઉમેરી શ્રી કાપડિયાએ પ્રવેશાર્થી ભુલકાઓને શુભેચ્છા પાઠવી હતી. કિમ્બુવા ખાતે આંગણવાડીના ૧૦, ધોરણ-૧ ના ૨૨ અને ધોરણ-૯ ના ૫૯ બાળકોને પ્રવેશ અપાયો હતો. આંગણવાડીના બાળકોને રમકડા, ફ્રુટસ, ધોરણ-૧ ના બાળકોને સ્કૂલ બેગ અને ધોરણ-૯ ના બાળકોને પાઠય પુસ્તકો એનાયત કરાયા હતા. આ પ્રસંગે પ્રાર્થના અને યોગ રજુ કરાયા હતા. તાલુકા વિકાસ અધિકારી એન.એસ.સોની ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સરપંચ શ્રીમતી શિલ્પાબેન પટેલ, કેળવણી મંડળના મંત્રીશ્રી રૂગનાથભાઈ પટેલ, વયોવૃધ્ધ અગ્રણી કાનજીભાઈ પટેલ, મુખ્ય સેવિકા નિતાબેન પટેલ, માધ્યમિક શાળાના પ્રિન્સીપાલ વિષ્ણુભાઈ પટેલ, પ્રાથમિક શાળાના આચાર્ય નનુભાઈ સિંધવ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગ્રામજનો, આંગણવાડી કાર્યકરો અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## સરસ્વતી તાલુકાના કોઈટા અને વાગડોદ ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ઉજવાયો



પાટણ

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના ચેરમેન બળવંતસિંહ રાજપુતે પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના કોઈટા ગામે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૧૮ ના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદેથી ઉપર મુજબ જણાવ્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, કન્યાઓ કેળવણી ક્ષેત્રે ખુબ હોનહાર સાબિત થઈ રહી છે. તેમણે યોગ્ય તક અને ફલક મળવા જોઈએ. બળવંતસિંહ રાજપુત અને અન્ય મહેમાનોએ આંગણવાડીના ભુલકાં- પ્રાથમિક અને ધોરણ-૯ ના વિદ્યાર્થીઓનું માંગલિક પ્રવેશીકરણ કરાવ્યું હતું. બળવંતસિંહ રાજપુતે જળ બચાવો અભિયાન અને વૃક્ષારોપણ ને જન આંદોલન તરીકે ઉપાડવા અનુરોધ કર્યો હતો. કોઈટા ખાતે આંગણવાડી, ધોરણ-૧ અને ધોરણ-૯ ના કુલ મળી ૭૨૪ વિદ્યાર્થીઓએ શાળા પ્રવેશ મેળવ્યો હતો. હાઈસ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી રફીકભાઈ મોમીન, જિલ્લા શિક્ષણાધિકારી સંજય વ્યાસ, તાલુકા કેળવણી અધિકારી સી.એચ. પાબુવંશી, સવધાનજી ઠાકોર, પ્રતાપજી ઠાકોર, સરપંચ રણજીતસિંહ ઠાકોર, જસુભાઈ પટેલ, પ્રિન્સીપાલ અમૃતભાઈ કે.પટેલ, પ્રાથમિક શાળાના આચાર્ય મહેશભાઈ ચાવડા, સુદાજી ઠાકોર સહિત શાળા પરિવારના સભ્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

વિદ્યાર્થીઓ દ્વારા યોગ નિદર્શન,અમૃતવચન, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. કન્યાઓને મહાનુભાવોના હસ્તે સાયકલો એનાયત કરાઇ હતી.

વાગડોદ ખાતે પણ યોગ્ય નિદર્શન, અમૃતવચન અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. શ્રીમતિ આર.ડી.દેસાઈ ઉત્તર બુનિયાદી ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલયમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ વિશાળ હાજરીમાં ઉજવાયો હતો.

## શંખેશ્વર તાલુકામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનો શુભારંભ



પાટણ

પાટણ જિલ્લામાં તા. ૧૪/ ૦૬/૧૮ થી તા.૧૫/ ૦૬/૧૮ બે દિવસીય કન્ય કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનો શુભારંભ થયો છે. ત્યારે શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર શંખેશ્વર તાલુકાના પંચાસર, શંખેશ્વર ગામે કન્ય કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનો વિધિસર શુભારંભ કરાવ્યો હતો. શ્રમ અને રોજગાર મંત્રીશ્રીએ તથા મહાનુભાવોના વરદ હસ્તે પંચાસર પ્રા.શાળા હાઈસ્કુલ શંખેશ્વર કન્યા પ્રા. શાળા કુમાર શાળા, પી.સી. પ્રજાપતિ હાઈસ્કુલ ગ્રામ સેવા ઉચ્ચ વિદ્યાલયના કુલ ૧૬૦ બાળકો ધો-૧માં અને ૨૭૫ બાળકોને ધોરણ ૯માં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવથી સમાજમાં શિક્ષણની નવી ચેતના પ્રસરી છે. દરેક શાળાઓમાં બાળકો નામાંકન ૧૦૦ ટકા કરવા ગ્રામજનોને અનુરોધ કર્યો હતો. ૨૦૧૮ માં પ્રા.શાળામાં ડ્રોપ આઉટ રેશીયો ૧.૫ ટકા અને હાઈસ્કુલ ક્ષેત્રે આઉટ રેશીયો ૫.૫. ટકા છે. જે પ્રજાની જાગૃતિ અને રાજય સરકારના શાળા પ્રવેશોત્સવને આભારી છે. રાજય સરકાર દ્વારા ૧૧૨ નવી પ્રાથમિક શાળાઓ ૧૩૦ માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે. જેમાથી વધુમાં વધુ બાળકો શિક્ષણક્ષેત્રે જોડાશે શંખેશ્વર ખાતે મહિલા આઇ.ટી.આઇ દ્વારા દિકરીઓ ટેકનીકલ શિક્ષણ આપી રોજગારી આપવા કામ કર્યું છે. શંખેશ્વર અને સમી ખાતે અનેકવિધ વિકાસ કાર્ય હાથ ધર્યા છે. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એન. એમ.રાઠોડ, સંગઠનના ચેલાભાઇ, શંખેશ્વર મામલતદાર કે.જી. ગઢવી, ડાૅ.બી.એન. પટેલ, રમેશભાઇ ઠાકર, અશોકભાઇ દવે, ગણેશભાઇ ડોડીયા, કલ્પેશભાઇ પંડયા, ટી.પી.ઓ. જયરામભાઇ વઢેર, નવીનભાઇ ભોજક, શિક્ષકો, ગ્રામજનો, બાળકો ઉપસ્થિત રહ્યા હતા. અજીતભાઇ વઢેર સી.આર.સી., જલાભાઇ વઢેર બી.આર.સી. સંકલન કર્યુ હતું.

## ખરોડ ફળ અને શાકભાજી ઉત્પાદકોની ખરીદ વેચાણ મંડળી ફડચામાં લઈ જવાઈ

મહેસાણા

ખરોડ ફળ અને શાકભાજી ઉત્પાદકોની ખરીદ સહકારી મંડળી ખરોડ તાલુકો વિજાપુરને ૧૯ એપ્રિલ ૨૦૧૮ના રોજ ફડચામાં લઇ જવાઇ છે.જેના ફડચા અધિકારી તરીકે ૦૪ મે ૨૦૧૮ના રોજ નિમણુંક કરાઇ છે. આ અંગેના હિત સંબધિતોએ દિન ૩૦ માં આધાર પુરાવા સાથે ફડચા અધિકારી બ્લો નં ૦૩,બહુમાળી મકાન,બીજો માળ મહેસાણાનો સંપર્ક સાધવાનો રહેશે તેમ ફડચા અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે

## કાંસા ખાતે કન્યા કેળવણી મહોત્સવ, શાળા પ્રવેશોત્સવ ઉજવાયો



પાટણ

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના કાંસા ખાતે એસ.પી. ઠાકોર સર્વોદય વિદ્યાલયમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના મુખ્ય મહેમાન પદેથી બોલતાં મહેસુલ વિભાગના ઉપસચિવ આર. એમ. પટેલ, પ્રવેશાર્થી વિદ્યાર્થીઓને ભણવા માટે ઈચ્છાશક્તિ અને હકારાત્મક માનસિકતા ઉભી કરવાનો અનુરોધ કર્યો હતો. તેમણે વધુંમાં ઉમેર્યું હતું ભાવિ વિકાસ માટે શિક્ષણ પૂર્વ શરત સમાન છે. જે ભણે છે તેનો જીવન-વિકાસ થાય છે. સરકારે શાળાઓમાં ભણવા માટેની સુવિધાઓનું નિર્માણ કર્યું છે. ત્યારે પ્રવેશ કરતું પ્રત્યેક બાળક તેનો અભ્યાસ પુર્ણ કરે તે જરૂરી છે. પટેલે ગામની પાંચ આંગણવાડી, કન્યાશાળા, કુમારશાળાઅને ધોરણ ૯ ના વિદ્યાર્થીઓને માંગલિક શાળા પ્રવેશ કરાવ્યો હતો. આંગણવાડીના બાળકોને રમકડા અને ફ્રુટસ વિતરણ કરાયું હતું. ધોરણ-૧ ના અને ધોરણ-૯ ના વિદ્યાર્થીઓને શાળા કીટસ અપાઇ હતી.

લાયેઝન અધિકારી બાબુભાઇ દેસાઇએ પ્રેરક પ્રવચન આપી બાળકોને જીવન માટે તૈયાર થવા અને ૨૧ મી સદીના પડકારો ઝિલવાનું સામર્થય કેળવવા જણાવ્યું હતું.

કાર્યક્રમમાં પ્રાર્થના, અમૃત વચન અને યોગનું નિદર્શન રજુ કરાયા હતા. કાર્યક્રમમાં સર્વશ્રી કિશોર મહેશ્વરી, લવજીભાઇ, સરપંચ તુલશીજી ઠાકોર, સી.આર.સી. જયંતિજી ઠાકોર, હાઇસ્કૂલના પ્રિન્સીપાલ આર.યુ. મહારાજા, કન્યા શાળાના આચાર્ય અશોકભાઇ મકવાણા, કુમાર શાળાના કલ્પેશભાઇ દેસાઇ, દાતા શંકરસિંહ રાજપુતવગેરે ઉપસ્થિત રહ્યા હતા. શાળાના ધોરણ-૩ થી ૮ સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓનું અભિવાદન કરાવામાં આવ્યું હતું.

## પાટણના રામનગરમાં પાયાના પ્રશ્નો સંદર્ભે કલેકટરને આવેદનપત્ર

પાટણ

પાટણ નજીકના રામનગરમાં રોડ-ગટર પાણી સહિતની પાયાની સુવિધાઓ વિસ્તારવા માંગણી ઉઠવા પામી છે. રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના હરગોવન મકવાણા, અુસુચિત જાતિ એકતા મંચના પરેશ ઝાલા, દિનેશ પરમાર, નરેન્દ્ર પરમાર સહિત કાર્યકરોએ પાટણ જિલ્લા કલેકટર કચેરીમાં આવેદનપત્ર આપી રામનગર વિસ્તારમાં પાયાની સુવિધાઓ વધારવા જણાવેલ.

અહીં પદ્મનાભ મંદિરથી બોરસણ રોડ ફાટક સુધી હડકાયા બાવળનો નિકાલ કરી વૃક્ષારોપણ કરવા જણાવ્યું હતું, રામનગરમાં બાળકો માટે બગીચો બનાવવા પણ આવેદનમાં જણાવેલ.

અત્રે નોંધવું ઘટે કે રામનગરમાં અંડરગ્રાઉન્ડ ગટર બનાવવામાં આવે તો ચોમાસા દરમ્યાન રોજ થતી ગંદકીને દૂર કરી શકાશે.

## પાટણ યુનિવર્સિટી ખાતે સંસ્કૃત સાહિત્ય પર ચિંતન અર્થે સેમિનાર યોજાશે

પાટણ

સંસ્કૃત અને ભારતીય વિદ્યા વિભાગ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી શ્રીમદ પાટણ જૈન જ્ઞાન મંદિરના સંયુક્ત ઉપક્રમે છેલ્લા ૧૭ વર્ષથી હેમચંદ્રાચાર્ય સમારોહનું આયોજન કરવામાં આવે છે, જેમાં ભારત ભરમાંથી પ્રાચ્ય વિદ્યાને લગતા વિધ્વાનો આચાર્યનો સાહિત્ય સર્જન ઉપર સંશોધન લેખ પ્રસ્તુત કરે છે.ઘણા વર્ષોથી એ વિષયની માંગ ઉઠતી હતી કે આ સમારોહને વધુ વિસ્તારમાં આવે જેથી ચાલુ વર્ષે ૧૮ માં અખિલ ભારતીય હેમચંદ્રાચાર્ય સંસ્કૃત સમારોહ યુનિ.ના કન્વેશન હોલમાં યોજાશે. ૨૫૦૦ થી વધુ વિદ્યાર્થી-અધ્યાપકો સહિત પ્રાપ્ત વિદ્યાના અનુરાગીઓ તેમાં ભાગ લેશે.આ સેમિનારમાં પ્રો. કે.વી.શર્મા રિસર્ચ ફાઉન્ડેશન ચેન્નઈના નિયામક પ્રો. સિનિરૂધ્ધ દાસ પોતાનું વ્યાખ્યાન આપશે. સિનિરૂધ્ધ દાસએ ભારતના હસ્તપ્રત ભંડારના કેટલોક બનાવવામાં સૌથી મહત્ત્વની ભૂમિકા અદા કરી છેઆ ઉપરાંત જુદા જુદા રાજયોમાંથી અને ગુજરાતમાંથી આવેલા વિધ્વાનો દ્વારા પ્રાપ્ય વિદ્યાના સાહિત્ય વિશે પોતાના વિચારો રજૂ કરશે.

## ઊંઝા તાલુકામાં બે માસથી ૧૦ હજાર કાર્ડધારકો મીઠાના જથ્થાથી વંચિત

ઊંઝા

ઊંઝા સહિત તાલુકાની વ્યાજબી ભાવની દુકાનોમાં છેલ્લા બે માસથી મીઠાનો જથ્થો સપ્લાય નહિં થતાં અંદાજે દસ હજાર જેટલા કાર્ડ ધારકો મીઠાથી વંચિત રહ્યા છે. સાથે સાથે દુકાનોમાં કોમ્પ્યુટર માટે જરૂરી નેટવર્ક સર્વરના ધાંધીયાના કારણે ધીમુ ચાલતા વિતરણ પ્રક્રિયામાં વિલંબ થતાં ગ્રાહકો પરેશાન થઈ રહ્યા છે.

ઊંઝા તાલુકા વિસ્તારમાં આવેલી વ્યાજબી ભાવની દુકાનોમાં ચાલતી કોમ્પ્યુટર સિસ્ટમમાં પીડીએસ સર્વના છાશવારે થતા ધાંધીયાના કારણે બંધ થતાં વારંવાર ટાઈમ આઉટની

મેટર સ્કીન પર આવતા ગ્રાહકોનો અંગુઠો મેચ થતો નહીં હોવાથી ગ્રાહકોને અનાજનો જથ્થો નહિં મળતા દુકાનદાર અને ગ્રાહકો વચ્ચે બોલાચાલી થાય છે.

સર્વર છાશવારે બંધ રહેવાના કારણે કનેક્ટીવીટીના પ્રશ્નોથી વ્યાજબી ભાવની દુકાનોમાં માલ સપ્લાયનું કામકાજ ધીમુ ચાલતા રોજ માંડ ૩૫ થી ૪૦ ગ્રાહકોને જ માલ મળે છે. બાકીના ગ્રાહકોને ધરમધક્કા થઈ પડે છે.

## ઐઠોર ગામે ગુનાખોરી પ્રવૃતિ સંદર્ભે ઉનાવા પોલીસ અને સ્થાનિક રહીશો વચ્ચે બોલાચાલી

ઉંઝા તાલુકાના ઐઠોર ગામે ગુનાહિત પ્રવૃત્તિ સંદર્ભે તપાસ અર્થે ગયેલ ઉનાવા પોલીસ અને એક પરિવારના સભ્યો વચ્ચે બોલાચાલી ઝપાઝપી થઈ હોવાની ચર્ચાતી વાતોએ લોકોમાં ભારે ચકચાર મચી છે.

જાણવા મળ્યા મુજબ ઉનાવા પોલીસ મથકની હદમાં આવેલ નજીકના ઐઠોર ગામે એક વ્યક્તિના રહેણાંકના સ્થળે કથિત ગુનાહિત પ્રવૃત્તિ અંગે ઉનાવા પોલીસ સરકારી ગાડીમાં તપાસ માટે ગઈ હતી. જ્યાં મહિલા પો.સ.ઈ અને એક પરિવારના માણસો વચ્ચે ઉગ્ર બોલાચાલી થયા બાદ ઝપાઝપી થઈ હતી. આમ મામલો ગરમાતાં સ્થિતિ પારખીને પોલીસ સ્થળ પરથી નીકળી ગઈ હતી. દરમિયાન આ સમયે આસપાસમાંથી લોકો ભેગા થઈ ગયા હતા અને તેઓએ સમજાવટના પ્રયાસો કર્યા હોવાનું ચર્ચાય છે. દરમિયાન ઉપરોક્ત બાબતે પોલીસમાં કોઈ ફરિયાદ નોંધાયેલ નથી. તેમજ કોઈ શખ્સની અટકાયત કરવામાં આવી નથી.

## પાટણમાં અધિક માસની કથા નિમિત્તે પોથી યાત્રા યોજાઈ

પાટણ

અધિક માસના અંતિમ દિવસે પાટણ શહેરના કસારવાડા વિસ્તારમાં આવેલ ખડા ખોરડીના વાડામાં એક માસથી અધિક માસની કથાનું આયોજન કરાયું હતું. તેમજ આ કથામાં મહોલ્લાના રહીશો દ્વારા છેલ્લા દિવસે પોથી યાત્રા કાઢવામાં આવી હતી. જે યાત્રા શહેરમાં વિવિધ જગ્યાએ ફરી મહોલ્લામાં પરત આવી હતી. કથાનું રસપાન મુકેશભાઈ કાન્તીભાઈ જોષી દ્વારા કરાવવામાં આવેલ.